**સુવિચાર**
તમારા દીકરાને એક ફૂલ આપશો તો એ ફક્ત એ દિવસે જ એને સુંઘી શકશે. એને છોડ ઉગાડવાનું શીખવી દો એ રોજ સુવાસ માણી શકશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૮/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૧૫

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેકચર | સિઝેરીયન પ્રસુતિ | સારણગાંઠ | વધરાવળ | પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો | રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા | એપેન્ડીક્ષ | પિતાશયની પથરી | હરસ-મસા-ફિશર | સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ | ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પદ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## ૪૦ વર્ષ કરતાં વધુ સમયથી થતો ફોરવર્ડ હાઈસ્કૂલનો મેળો બંધ થયો

# અમરેલીમાં લોકમેળા વગર જન્માષ્ટમીની ઉજવણી થશે

**રાજકોટમાં અગ્નિકાંડ બાદ લોકમેળામાં સુરક્ષા માટેનાં કડક નિયમોનું પાલન કરવું આયોજકો માટે શક્ય ન હોવાથી મેળો બંધ**

**વર્ષોથી સારહિ યુથ કલબ અને લાયન્સ કલબ દ્વારા શહેરમાં બે લોકમેળા યોજાતા આવ્યા છે**

**લોકમેળાને લઈને સાતમ અને આઠમનાં રોજ હજારોની જનમેદની મેળાને લઈને એકત્ર થતી હતી**

**લોકમેળાનાં અભાવે નાના-મોટા ફેરિયાઓ, રેંકડી ધારકો અને સ્ટોલ ધારકો ધંધા વિહોણા બન્યા**


ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં ૪૦ વર્ષ કરતાં વધુ સમયથી જન્માષ્ટમી પેર્વે યોજાતા લોકમેળાનું આયોજન આયોજકોએ ન કરતાં લોકમેળા પ્રેમી જનતાને જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં શું કરવું તે સમજાતું નથી.

અમરેલીની નૂતન હાઈસ્કૂલનાં પટાંગણમાં લાયન્સ કલબ અને ફોરવર્ડ હાઈસ્કૂલનાં પટાંગણમાં સારહિ યુથ કલબ ધ્વારા જન્માષ્ટમીનાં પર્વે દાયકાઓથી લોકમેળા યોજાતા આવ્યા છે જેનો લાભ ૪ દિવસમાં અંદાજિત એક લાખ નાગરિકો લેતા હોય છે.

પરંતુ રાજકોટમાં થયેલ અગ્નિકાંડ બાદ સરકારે જયાં માનવભીડ એકત્ર થાય તેવા સ્થળોએ સુરક્ષાનાં કડક નિયમો બનાવતા લોકમેળાની આયોજક સંસ્થા માટે નવા નિયમોનું પાલન કરવું મુશ્કેલ હોવાથી લોકમેળાનું આયોજન બંધ કરવામાં આવતાં લોકમેળાનાં કારણે રોજગારી મેળવનાર નાના–મોટા વેપારીઓ, રેંકડી ધારકો, કેબિન ધારકો કે સ્ટોલ ધારકો, ચકડોળનાં ધંધાર્થીઓને ચિંતા સતાવી રહી છે.

### અકસ્માતે પગ લપસી ગયો

## ધારીનાં કુબડા ગામનાં શ્રમિક યુવકનું કૂવામાં પડી જવાથી મોત

**મૃતક મુળ મધ્યપ્રદેશનાં હોવાનું બહાર આવ્યુ**

અમરેલી, તા. ૨૨

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ વિસાવદર તાલુકાના નવી ચાંવડ ગામે રહેતા લક્ષ્મણભાઈ ઘુમસિંગભાઈ અમલીયાર નામનાં ૧૯ વર્ષિય યુવકે કુબડા ગામે દિનેશભાઈ કોટડીયાની વાડીએ તા. ૨૦ના રોજ ૯ વાગ્યાના સમયે પોતે ઉઠીને પેશાબ કરવા ગયેલ હતો. તે વખતે કુવામાં અકસ્માતે પગ લપસી જતા ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




### ઉચ્ચકક્ષાએ રજૂઆત બાદ તપાસનાં અંતે ગોલમાલ થયાનું પ્રાથમિક તપાસમાં ખુલતાં

## સાવરકુંડલાની ડમ્પીંગ સાઈટમાં દીવાલ બનાવવામાં દે ધનાધન કરનાર એજન્સી પાસેથી લાખો રૂપિયાની રીકવરી કરાશે

**અમરેલીની ગર્વિશ એજન્સી પાસેથી ૮૯.૪૪ લાખ વસુલવા નોટિસ પાઠવાઈ**

સાવરકુંડલા, તા. ૨૨


સાવરકુંડલા નગરપાલિકામાં વિકાસના કામોમાં થતી ગોલમાલ સામે સરકાર દ્વારા નબળી ગુણવત્તાના કામોમાં લાલ આંખ કરીને કોન્ટ્રાકટરો સામે આકરા પગલાં ભરવા અંગેની કાર્યવાહી શરૂ થતાં કોન્ટ્રાકટ લોબીમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

આ અંગે જાણવા મળતી માહિતી પ્રમાણે સાવરકુંડલા નગરપાલીકા હસ્તકની સ્વચ્છ ભારત મીશન યોજના હેઠળની સાવરકુંડલા નગરપાલીકાની ડમ્પીંગ સાઈટને કમ્પાઉન્ડ વોલના બાંધકામ માટે નિયમ મુજબની પ્રક્રિયા કરી આ કામગીરી માટેનો વર્ક ઓર્ડર ગર્વિશ એજન્સી અમરેલીને આપવામાં આવેલ. જે કામની નબળી ગુણવત્તા બાબતે રજુઆત થતા જે તે વખતે પ્રાદેશિક કમિશન ભાવનગરની કચેરી ધ્વારા સ્થળ તપાસ કરી અને સમગ્ર કામગીરીના પુરાવાઓ એકત્રીત કરવામાં આવેલ હતા. તે વખતે આ કમ્પાઉન્ડ વોલની કામગીરીમાં અનેક પ્રકારની ત્રુટીઓ સામે આવેલ અને તમામ પુરાવાઓ એકત્રીત કરી અને તમામ આનુષાંગીક કાર્યવાહી પુર્ણ થયા બાદ પ્રાદેશિક નગરપાલિકા નિયામકની

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
24/7 Emergency Services
અમદાવાદના કાર્ડિયો – થોરેસિક સર્જન હવે આપણા અમરેલીમાં...
તારીખ : ૨૪/૦૮/૨૦૨૪ શનિવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦



સ્થળ :
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
1. પગની નસોમાં Varicose vein ની સારવાર
2. હાથ અને પગ ની નળી બંધ થવાથી થતી તકલીફ જેવી કે Ulcer, Blackening, DVT, Gangrene ની સારવાર.
3. હાથ અને પગની નળીનું બાયપાસ.
4. ફેફસાંમાં ભરતી હવા, પાણી, રસીની સારવાર અને ઓપરેશન.
5. ફેફસાંના બધા જ પ્રકારના ઓપરેશન.
6. ઇમરજન્સીમાં થતી ઇજાગ્રસ્ત લોહીની નસની સારવાર અને સર્જરી.



ડૉ. વૈભવ પારેખ
M.ch. Cardiothoracic & vascular surgeon
કાર્ડિયો - થોરેસિક સર્જન
વધુ માહિતી માટે સંપર્ક કરો
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99045 93355 / 99789 66629

# બાબરાના વાંડળીયામાં તાલુકા કક્ષાના ૭૮માં સ્વાતંત્ર્તા પર્વની ઉજવણી કરાઈ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં તાલુકા કક્ષાના ૭૮માં સ્વતંત્રતા પર્વની શાનદાર ઉજવણી અહીં વાંડળીયા ગામ જ્ઞાનજયોત વિદ્યાલય ખાતે કરવામાં આવી હતી. અહીં મામલતદાર જાડેજા મેડમ દ્વારા ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાધનપરા અને પોલીસ સ્ટાફ પરેડ કરવામાં આવી હતી શાળાના બાળકો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, ગામના સરપંચ લલિતભાઈ વેકરિયા, હાઈસ્કૂલના આચાર્ય હરેશભાઈ વડાવીયા, તાલુકા યુવા ભાજપ હરેશભાઈ આખજા, અજીતભાઈ ખોખરીયા, ખાખરીયા સરપંચ વિપુલભાઈ કાચેલા ગલકોટડી સરપંચ વાસુરભાઈ ચૌહાણ, કિરીટભાઈ બગડા, સહિત ગ્રામ પંચાયતના ઉપ સરપંચ સહિત સભ્યો અને મોટી સંખ્યામાં ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતાં. અહીં સામાજીક અને શૈક્ષણીક ક્ષેત્રે યોગ્ય પ્રદાન આપવામાં બદલ વિવિધ પ્રતિભાઓનું અને વિદ્યાર્થી અનેશિક્ષકોનું સન્માન મામલતદાર સહિત સ્થાનિક અગ્રણીઓનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાનજયોત વિદ્યાલયના આચાયસ હરેશભાઈ વડાવીયાના વડપણ હેઠળ ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય શિક્ષકો અને હાઈસ્કૂલના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

### છાતી પર દબાણ અને કૃત્રિમ શ્વાસ આપીને

## રાજુલાની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે તાજા જન્મેલ બાળકનો જીવ બચાવ્યો

### ચાંચ ગામની પ્રસૂતા અને બાળકનો જીવ બચી ગયો

અમરેલી, તા. ૨૨

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા સંચાલિત રાજુલા તાલુકાની ૧૦૮ એમ્બ્યુલન્સને મંગળવારે રાત્રે ૯:૧૯ કલાકે એક ચાંચ બંદર ગામનો કેસ મળ્યો હતો. આ કેસ મળતાની સાથે જ રાજુલા ૧૦૮ની ટીમ તુરંત સ્થળ પર જવા રવાના થઈ સ્થળ પર પહોંચી અને તપાસ કરતા જાણવા મળ્યું કે એક સગર્ભા માતાને પ્રસુતિની અસહ્ય પીડા હતી અને તે માતાએ પોતાના જ ઘરે એક નવજાત શિશુને હમણાં જ જન્મ આપ્યો હતો.



પરંતુ જયારે બાળકનો જન્મ થાય ત્યારે બાળક સામાન્ય રીતે રડતું હોય છે પરંતુ આ બાળક રડતું ન હતું. તેમજ તેના જે હૃદયના ધબકારા હતા એ પણ ખૂબ જ ઓછા હતા. જેથી ઈએમટી પ્રવીણ બામણીયા દ્વારા બાળકને તુરંત તેની સારવાર આપવાની ચાલુ કરી હતી. જે અંતર્ગત નવજાત શિશુને હૃદયના ધબકારા ઓછા હતા એટલે સીપીઆર એટલે કે છાતી પર દબાણ અને કુત્રિમ ાસ આપીને બાળકનો જીવ બચાવ્યો હતો. તેમજ પ્રસૂતી બાદ માતાની હાલત પણ નબળી હોય જેથી ૧૦૮ કોલ સેન્ટર પર ઉપસ્થિતઉપરી ડોકટર સાથે વાતચીત કરી અને એમની સૂચના મુજબ જરૂરી ઈન્જેકશન અને બોટલ ચડાવવામાં આવ્યા હતા. આમ ઈ.એમ.ટી. પ્રવીણ બાંભણિયા અને પાઈલોટ ગિરીશ સોંદરવા દ્વારા યોગ્ય સમયસૂચકતા વાપરી અને પોતાની સૂજબુજથી નવજાત બાળક અને માતાને સમયસર યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો. તેમજ સ્થળ પરથી એટલે કે ચાંચ બંદર ગામથી મહુવા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા તેમજ સરકારી હાસ્પિટલના ડોકટર દ્વારા માતા અને નવજાત શિશુને ત્યાં લઈ ગયા ત્યારે સરકારી હાસ્પિટલના ડોકટર દ્વારા પણ ૧૦૮ની ટીમને આવી સરાહનીય કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા અને દર્દીના સગા દ્વારા પણ ૧૦૮ ટીમ અને એમની સેવાનો આભાર માન્યો હતો.

## નેસડી ગામે પર્યાવરણપ્રેમી દ્વારા સ્વખર્ચે વૃક્ષારોપણ

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે રહેતા જયસુખભાઈ નાથાભાઈ રૈયાણી દ્વારા સ્વખર્ચે અને જાતે વૃક્ષારોપણ કરીને લોકોને વૃક્ષારોપણ કરવાનો પ્રેરણા રૂપ અનોખો સંદેશો આપ્યો છે. જયસુખભાઈ દ્વારા નેસડીથી કરજાળા રોડ વચ્ચે ૨૫ જેટલા વૃક્ષો વાવીને પોતાના માતુશ્રી લાભુબેન નાથાભાઈ રૈયાણી અને દાદીમાં પાતળીબેન ભગવાનભાઈ રૈયાણીના નામ વૃક્ષો ઉપર લગાવીને માતા પિતા પ્રત્યેનો પ્રેમ અને પર્યાવરણ તેમજ રાષ્ટ્રપ્રેમનું અનોખું ઉદાહરણ આપ્યું છે. આજના આધુનિક સમયમાં જયારે વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે અને વૃક્ષોનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યારે જયસુખભાઈ રૈયાણીના



પરિવાર દ્વારા કરજાળા રોડ ઉપર વૃક્ષો વાવીને તેનો ઉછેર પણ પોતે જાતે કરી રહ્યા છે. હાલના સમયમાં સરકારશ્રી દ્વારા વધુમાં વધુ લોકો વૃક્ષો વાવે તે માટે અનેક પ્રયાસ થઈ રહ્યા છે. જયસુખભાઈ રૈયાણીએ પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે આ એક ઉમદા કાર્ય કરીને લોકોને પ્રેરણાત્મક સંદેશ આપ્યો છે.

### કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાનાં ભાજપ સરકાર પર પ્રહાર

## ભાજપનાં આગેવાનોની બુટલેગરો અને ડ્રગ્સ પેડલરો સાથે સાંઠગાંઠ બહાર ન આવે તે માટે કોંગી ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા

### દાહોદમાં નકલી એન.એ.ના હુકમો કરીને ૩ હજાર કરોડનું કૌભાંડનો આક્ષેપ



અમરેલી, તા. ૨૨

વિધાનસભા ખાતે પ્રેસ–મીડિયાને સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જનતાના ટેક્ષના પૈસાથી આ સરકારની તિજોરી ભરાય છે,

સરકારનું બજેટ બને છે, લોકશાહીનું મંદિર વિધાનસભા ગૃહમાં જે પણ કાર્યવાહી થાય તેનો ખર્ચ એ પ્રજાના ટેક્ષના પૈસામાંથી થાય છે. મુખ્યમંત્રી, મંત્રીમંડળ અને બધા જ અધિકારીઓનો પગાર પણ પ્રજાના ટેક્ષના પેસાથી ચૂકવાય છે. એ લોકશાહીના મંદિરમાં પ્રજાને પડતી તકલીફો, સમસ્યાઓ પીડાઓ, પ્રજાના ટેક્ષના પૈસે જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, ગેરવહિવટ થઈ રહ્યો છે. જયારે પ્રજા વતી વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો રજુ કરે તે પ્રશ્નોની ચર્ચા થાય તો પ્રજાની સાચી તકલીફ, દર્દ, સમસ્યાઓ, ભ્રષ્ટાચાર ગેરવહિવટ ઉજાગર થાય. ભ્રષ્ટાચારમાં રાચતી સરકાર અને ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે.

ભાજપના મળતિયાઓ દ્વારા જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એને છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એની કોઈ ચર્ચા ના થાય, ભ્રષ્ટાચાર, ગેરવહિવટ ખુલ્લો ના પડી જાય એટલે આ સરકાર ચર્ચા કરવાથી ભાગી રહી છે. કોગ્રેસ તરફથી ભ્રષ્ટાચારના, ગેરવહિવટના મુદાઓ, પ્રશ્નો પૂછયા હતા, રાજકોટ અગ્નિકાંડના પીડિતોની વાત, મુલસાણા, ડુમ્મસ કે ગૌચરની જમીનના પ્રશ્નો, સાયકલની ખરીદીમાં થયેલ ભ્રષ્ટાચારની વાત, કેવડિયામાં આદિવાસી યુવાનોની હત્યાની વાત, ગુજરાતમાં ઠેરઠેર પકડાયેલ ડ્રગ્સ – દારૂની વાત, પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અને પેપર ફૂટવાની વાત, ટેટ–ટાટ માં ભરતીની વાત, અને આખા ગુજરાતમાં ચારે તરફ થઈ રહેલ ભ્રષ્ટાચાર, ગેરવહિવટને ઉજાગર કરવાની વાત હોય, આ તમામ કોંગ્રેસે ઉઠાવેલા પ્રશ્નો દાખલ કરવામાં નથી આવતા, પરંતુ સરકારની વાહવાહી કરવાવાળા, સરકારને ખોટી રીતે પ્રોત્સાહીત કરવાવાળા પ્રશ્નો દાખલ કરીને ગૃહને ચલાવવાનો પ્રયત્ન થાય છે. લોકશાહીમાં વિપક્ષ પ્રજાનો અવાજ છે એનું ગળું દબાવવાનું, લોકશાહીની હત્યા કરવાનું કામ અત્યારે લોકશાહી, ન્યાયના મંદિરમાં થઈ રહ્યું છે. દાહોદમાં નકલી એન.એ.ના હુકમો કરીને આશરે ૩૦૦૦ કરોડની જમીનોનું કૌભાંડ થયેલ તેનો પ્રશ્ન દાખલ કરવામાં આવે છે, અધ્યક્ષની ઓફીસમાંથી દાખલ કરવામાં આવે છે. પરંતુ મંત્રી લખે છે કે અમે આનો જવાબ નહિ આપીએ. સાયકલની ખરીદીમાં કરવામાં આવેલ ભ્રષ્ટાચારની વાત અધ્યક્ષની કચેરીમાંથી દાખલ કરવામાં આવે છે મંત્રી કહે અમે એનો જવાબ નહિ આપીએ. ડ્રગ્સનો પ્રશ્ન દાખલ થાય પરંતુ મંત્રી જવાબ આપતા નથી. એનો સ્પષ્ટ મતલબ છે કે ગુજરાતમાં જેટલો પણ ભ્રષ્ટાચા, ગેરવહિવટ ચાલે છે એ ભાજપની સરકારમાં બેઠેલા લોકોના આશીર્વાદ અને મિલીભગતથી ચાલે છે. એ ભ્રષ્ટાચાર ગેરવહિવટ છુપાવવા માટે એની ચર્ચા ના થાય પ્રજાની તકલીફ, દર્દ, સમસ્યાઓ વિપક્ષ રજુ ના કરી શકે એટલા માટે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોના પ્રશ્નો નામંજુર કરવામાં આવે છે. વિપક્ષ દ્વારા દસ દિવસનું સત્ર બોલાવાની માંગણી કરી હતી પરંતુ ચર્ચામાંથી ભાગતી આ સરકાર પોતાનો ભ્રષ્ટાચાર અને ગેરવહિવટ છુપાવવામાં માટે ફકત બતાવવા પુરતું ત્રણ દિવસનું સત્ર બોલાવે છે, વિપક્ષના ધારાસભ્યોને બોલવાની તક નથી આપતા, પ્રજાલક્ષી પ્રશ્નો દાખલ કરવામાં નથી આવતા, ત્યારે આ લોકશાહીના મંદિરમાં બહુમતીના જોરે આ સરકાર લોકશાહીની હત્યા કરી રહી છે. એના વિરોધમાં પ્રજાના અવાજને રજુ કરવાની તક નથી આપતા અને કોંગ્રેસના પ્રશ્નોને કાઢી નાખવામાં આવે છે એના વિરોધમાં આજે વોકઆઉટ કર્યો છે.

### ભોગ બનનાર મહિલા પતિને ભાત દેવા જતી હોય

## અમરેલીનાં મોટા આંકડીયા ખાતે મહિલાએ ડોકમાં પહેરેલ ચાંદીનો ચેઈન આરોપી મહિલાએ પહેરી લીધો

### બાઈકમાં અજાણ્યા શખ્સ સાથે આરોપી મહિલા નાસી છુટી

અમરેલી, તા. ૨૨

મુળમધ્યપ્રદેશનાવતનીઅને હાલઅમરેલીતાલુકાનામોટાઆંકડીયા ગામે જીજ્ઞેશભાઈ નાથાભાઈ વઘાસીયાની વાડીમાં રહેતા મંજુબેન આલમસીંગ પસાયા નામની ૧૯ વર્ષિય પરણિતા તા. ૧૭ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે જીજ્ઞેશભાઈ વઘાસીયાની વાડીમાં કામ કરતા પોતાના પતિ માટે ભાત લઈને જતા હતા. ત્યારે એક કાળા કલરના મોટર સાયકલ ઉપર એક અજાણ્યા ભાઈ તથા તેની પાછળ બેસેલ એક અજાણ્યા મહિલા આવેલ હતાં. તે અજાણી મહિલાએ આ પરિણીતાને વાડી માલિક જીજ્ઞેશભાઈ વઘાસીયાનાં બહેન હોવાની ખોટી ઓળખાણ આપી અને જીજ્ઞેશભાઈએ ઘી મોકલાવેલ છે તે બ્હાને પરિણીતાની ઓરડીએ જઈ પરિણીતાએ ગળામાં પહેરેલ ચાંદીનો ચેન જોવા માંગેલ હતો. તેથી પરિણીતાએ તેણીને ચેન જોવા આપતા અજાણી મહિલાએ પોતાના ગળામાં આ ચેન પહેરી લઈ વાડી માલિક જીજ્ઞેશભાઈએ સાતમ આઠમમાં પહેરવા લઈ લેવાનું કહેલ છે. તેમ પરિણીતાનો ચાંદીનો ચેઈન આશરે ૧૦૦ ગ્રામ કિંમત રૂા. ૬૦૦૦ નો લઈ મોટર સાયકલ ઉપર પાછળ બેસી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

# અમરેલી : ગજેરા કેમ્પસની વિદ્યાર્થીનીઓ કરાટે ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી રાજય કક્ષાએ પસંદગી પામી






અમરેલી જીલ્લા અખિલ ભારતીય રમતગમત આયોજીત રર્મોત્સવ એસજી.એફ.આઈ. ૨૦૨૪ કરાટે ટુર્નામેન્ટ તારીખ ૧૭–૮–૨૪ના રોજ સાવરકુંડલા મુકામે યોજાઈ, જેમાં અમરેલી જીલ્લાની વિવિધ શાળાઓમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સની વિદ્યાર્થીનીઓ પ્રથમ અને દ્વિતીય નંબરે આવેલ જેમાં જ્ઞાનશકિત સ્કૂલમાંથી ઝા મહાલક્ષ્મી પ્રથમ નંબર સાથે ગોલ્ડ મેળવેલ અને શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કૂલમાંથી વાળા વંદના દ્વિતીય નંબર સાથે સિલ્વર મેડલ મેળવી રાજય કક્ષાએ પસંદગી થયેલ તેમજ અમરેલી જીલ્લા અને શાળાનું નામ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેકિટસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પુરૂં પાડવામાં આવે છે જેથી વધુ સારૂં સ્પોર્ટમાં વિદ્યાર્થીઓ ઉજવળ કારકીદી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

## જાગૃત્ત નાગરિકે સ્થાનિકથી લઈને મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી

# લીલીયામોટાનાં કલ્યાણપરથી શાખપુર વચ્ચેનો માર્ગ બિસ્માર

ધારાસભ્યની દરમિયાનગીરી બાદ માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ બાંહેધરી આપીને માર્ગની મરામત ભૂલી ગયા

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી તાગડધિન્ના કરતાં અધિકારીઓને કોઈ પુછવાવાળુ નથી

જિલ્લામાં દાયકાઓથી માર્ગ-મકાન વિભાગની કામગીરી વિવાદાસ્પદ બની રહી છે

ગોકળ ગાયને પણ શરમ આવે તે રીતે માર્ગની કામગીરી થતી હોય પરેશાની



લીલીયા, તા. ૨૨

લીલીયા તાલુકાના કલ્યાણપર ગામથી શાખપુર ગામ તરફ જતો માર્ગ છેલ્લા ચાર વર્ષથી વરસાદના પાણીથી માર્ગનુ ખુબ ધોવાણ થયેલ છે. તેને બરાબર કરવા બાબતે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરાઈ. પત્રમાં જણાવેલ કે, કલ્યાણપરથી શાખપુર ગામ જતો માર્ગ છેલ્લા ચાર વર્ષથી ખુબ જ ખરાબ હાલતમાં છે. ગયા વર્ષના ચોમાસામાં એક સાથે ખૂબ વરસાદ પડવાથી માર્ગનુ સાતથી આઠ ફુટ જેટલુ ધોવાણ થયેલુ હોવાથી તા. ૩૦/૯/૨૦૨૩ ના રોજ અનિભાઈ બલર દ્વારા લેખીતમાં જીલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રૂબરૂમાં જાણ કરેલ કે રોડની ખુબ ખરાબ પરિસ્થિતિ છે. મહેશભાઈએ તુરત જે તે લગતા અધિકારીને ફોન કરીને કિધેલ કે કલ્યાણપર ગામની અરજી આવી છે તે અરજી જે તે અધિકારીને મોકલીને સ્થળ પર જઈને તપાસ કરીને જે કાંઈ કરવું પડે તે કરો અને અરજદારને કહેલ કે બે થી ત્રણ દિવસમાં અધિકારી આવશે ને તમને મળશે. અધિકારીઓ આવ્યા અને તેઓને મળ્યા ને આસન આપ્યુ કે ટુંક સમયમાં જે રોડનું ધોવાણ થયું છે તે કામ થઈ જશે. પણ કમનસીબી એ છે કે દોઢ વર્ષથી જે માર્ગનુ ધોવાણ થયું છે તેની લેખીતમાં, રૂબરૂમાં રજુઆત કરી જાણ કરી તેના આજે લગભગ અગીયાર મહિના જેટલો સમય થઈ ગયો હોવા છતાં અગીયાર મહિનામાં માત્ર દિવાલનુ કામ કરવામાં આવ્યું છે. માટી નાખવાનુ કામ આજે પણ બાકી છે. આમ જોતા એવુ લાગે છે કે અધિકારીઓને આમ જનતાની કોઈ જાતની ચિંતા છે જ નહિ. ઉપરોકત પ્રશ્નની યોગ્ય તપાસ થાય અને યોગ્ય ધ્યાન દોરવામા આવે એવી રજૂઆત કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ફિલ્ડ ડે કાર્યક્રમ અંતર્ગત અમરેલી પ્રોજેક્ટ દ્વારા

# સાજણટીંબા અને ખાખરીયા ખાતે ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ વિશે વિગતો અને માર્ગદર્શન

### ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવતા જીલ્લાના ખેડૂતો



અમરેલી, તા. ૨૨

અમરેલી જીલ્લાના ખેડુતો ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. ફિલ્ડ ડે કાર્યક્રમ અંતર્ગત અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા લીલીયા તાલુકાના સાજણટીંબા અને કુંકાવાવ તાલુકાના ખાખરીયા મુકામે ખેડૂતોની તાલીમ યોજાઈ હતી. ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ વિશેની વિગતો અને માર્ગદર્શન આપી માહિતગાર કરવામાં આવ્યા હતાં. તાલીમમાં મહિલા અને પુરૂષ ખેડૂતોએ ઉત્સાહભેર જોડાયા હતાં. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું મહત્વ, તેની જરૂરીયાત અને વિવિધ પાકોના વાવેતર વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે પ્રાકૃતિક કૃષિનું મહત્વ, તેની જરૂરીયાત અને વિવિધ પાકોના વાવેતર વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ અને જીવામૃત વિષયક માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ આધારિત ગુજરાત બનાવવા માટે રાજય સરકાર દ્વારા મિશન મોડ પર પ્રયત્નો શરૂ છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગ આપવા માટે અમરેલી જીલ્લા સહિત સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનો પ્રયાસ શરૂ છે.

# ધજડી ગામે બી.સી.આઈ. વુમન હેલ્થ પ્રોજેકટ હેઠળ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના ધજડી મુકામે આવેલ પ્રાથમિક શાળામાં અંબુજા ફાઉન્ડેશન દ્વારા ચાલતા બી.સી.આઈ વુમન હેલ્થ પ્રોજેકટ દ્વારા ધોરણ ૬ થી ૮ વિદ્યાર્થીનીઓ સાથે માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન અને પોષણને લઈને કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં અંબુજા ફાઉન્ડેશન દ્વારા ચાલતા બી.સી.આઈ વુમન હેલ્થ પ્રોગ્રામ ઓફિસર રેણુકા હેતલબેન દ્વારા વિદ્યાર્થીનીઓને અલગ અલગ પ્રવૃતિઓ અને સ્પર્ધા દ્વારા યોગ્ય સમજ અને માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ હાજર રહી માર્ગદર્શન મેળવેલ અને કાર્યક્રમમાં કરવામાં આવેલ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનારને પ્રોત્સાહિત ઈનામ આપેલ છે. આ માહિતી મેળવ્યા બાદ વિદ્યાર્થીનીઓ પોષણક્ષમ આહાર લેશે તેવી પ્રતિજ્ઞા લીધી હતી. વિદ્યાર્થીનીઓને ગમ્મત સાથે જ્ઞાન મેળવેલ. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓને સરસ માહિતી પૂરી પાડી તે બદલ શાળાના આચાર્ય રવજીભાઈ બગડા તેમજ શાળા પરિવાર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આગળ વધુ આ પ્રકાર કાર્યક્રમ કરી બીજાને જાગૃત કરે તેવી શુભેચ્છા આપવામાં આવી હતી.

## લોઠપુરથી કોવાયા માર્ગ પરની ઘટના

# જાફરાબાદનાં લોઠપુર ગામનાં યુવકે કાર આડેથી લેવાનું કહેતા થયો હુમલો

### ૩ ઈસમો કુહાડી જેવા હથિયાર વડે તુટી પડયા

અમરેલી, તા. ૨૨

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતા લાલુભાઈ ઉનડભાઈ ભુવા નામનાં ૨૩ વર્ષિય ડ્રાઈવર યુવક તા. ૨૧ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે લોઠપુર-કોવાયા તરફ જવાના રસ્તેથી ચાલીને ધીરૂભાઈના પેટ્રોલપંપ તરફ જતા હતા. ત્યારે તે જ ગામે રહેતા ગુલ્લુ ઉર્ફે બકાભાઈ મહમદભાઈ બુકેરાની દુકાન પાસે પડેલ ફોર વ્હીલ રસ્તામાંથી સાઈડમાં પાર્ક કરવાનુ કહેતા તેને સારૂ નહી લાગતા ડ્રાઈવર યુવકને જેમફાવે તેમ ગાળો આપી બોલાચાલી કરી તેની દુકાનમાં રાખેલ કુહાડી વડે ડ્રાઈવર યુવકને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર (કુહાડી) વડે ગંભીર જીવલેણ ઈજાઓ કરી તેમજ જમણા હાથના ભાગે ઈજા કરી તેમજ ફેકચર કરી તેમજ આરોપી અશરફભાઈ કાદરભાઈ દલ, સમીર ઉર્ફે અગડુ ગુલ્લુભાઈ બુકરા, કાળુભાઈ ગુલ્લુભાઈ બુકેરા સહિતનાઓએ યુવકને જેમફાવે તેમ ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.






















### રાહુલ ગાંધીએ શ્રીનગરમાં ડિનર લીધું

# રાહુલે બાળકો સાથે પાણીપુરી અને લાલ ચોકમાં આઈસ્ક્રીમની મજા માણી

## જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજવાના થોડા સમય પહેલા રાહુલ ગાંધી અને ખડગે શ્રીનગર પહોંચ્યા

જમ્મુ, તા.૨૨

જમ્મુ અને કાશ્મીરમાં થોડા સમયમાં થનારી વિધાનસભાની ચૂંટણીની તારીખો બહાર આવી ગઈ છે. આ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી બુધવારે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરના મધ્યમાં આવેલા એક પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં ડિનર કરવા માટે પહોંચ્યા હતા. જે બાદ રાહુલ ગાંધી બાળકો સાથે પાણીપુરી ખાધી હતી તેમજ તેમણે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે લાલ ચોકમાં એક આઈસ્ક્રીમ પાર્લરની પણ મુલાકાત લીધી હતી. અહીં તેમણે આઈસ્ક્રીમની પણ મજા માણી હતી.

એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથે શહેરના ગુપકર વિસ્તારમાં આવેલી હોટેલ લલિતમાંથી નીકળીને હોટેલ અહદુસમાં ડિનર માટે ગયા હતા. આ હોટલ શહેરના શ્રેષ્ઠ ભોજનાલયોમાંની એક અને કાશ્મીરી 'વાઝવાન' માટે પ્રખ્યાત છે.

રાહુલ ગાંધીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે શ્રીનગરના લાલ ચોકમાં એક આઈસ્ક્રીમ પાર્લરની મુલાકાત લીધી હતી. અહીં બંને નેતાઓએ આઈસ્ક્રીમની મજા માણી હતી. તે સ્પષ્ટ નથી કે કોંગ્રેસના નેતાએ ત્યાં માત્ર ડિનર લીધું હતું કે કોઈને મળ્યા પણ હતા. જમ્મુ અને કાશ્મીરની ઉનાળુ રાજધાનીના કોમર્શિયલ હબ એવા પોલો વ્યૂ રેસિડેન્સી રોડ વિસ્તારની રાહુલ ગાંધી દ્વારા મુલાકાત એ ત્યાંના લોકો માટે એક આશ્ચર્યની બાબત હતી. રાહુલ ગાંધીની શ્રીનગર મુલાકાત દરમિયાન હોટલની આસપાસ કડક સુરક્ષા ગોઠવવામાં આવી હતી. હોટેલથી જેલમ નદીનું મનોહર દૃશ્ય જોવા મળે છે.

રાહુલ ગાંધીની જમ્મુ અને કાશ્મીરની મુલાકાતને લક્ષ્યમાં રાખીને, ભારતીય જનતા પાર્ટી (BJP)એ બુધવારે કોંગ્રેસના નેતાને આર્ટીકલ ૩૭૦ અને કલમ ૩૫છ પર તેમની પાર્ટીનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું. ભાજપના મહાસચિવ અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે પાર્ટીના સંગઠન પ્રભારી તરુણ ચુગે કહ્યું કે, આ મુલાકાત રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી સરકાર દ્વારા પ્રદેશમાં લાવવામાં આવેલી 'શાંતિ અને વિકાસ'થી પોતાને પરિચિત કરવાની તક આપશે. તેમણે આગળ આરોપ લગાવ્યો કે 'ત્રણ પરિવારો'એ છેલ્લા ઘણા દાયકાઓથી તેમની નીતિઓથી જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદના વાતાવરણને વેગ આપ્યો છે, જ્યારે ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર બન્યા પછી ત્યાંની સ્થિતિ બદલાઈ ગઈ છે.

### ડેરીના વહીવટી મુદ્દે વર્ષ ૨૦૨૧માં વિવાદમાં આવી હતી

# સુરતમાં રૂપિયા ૧૦૦૦ કરોડના કૌભાંડમાં તપાસના આદેશ અપાયા

## સુમુલ ડેરીના વહીવટીમાં કરોડોના કૌભાંડની ગંધની ઉઠતાં ફરિયાદ કરવામાં આવી હતી

સુરત,તા.૨૨

સુમુલમાં રૂપિયા એક હજાર કરોડના કથિત કૌભાંડની ફરિયાદ બાદ તપાસનો આદેશ અપાયો છે. સુરતની સુમુલ ડેરીના વહીવટીમાં કરોડોના કૌભાંડની ગંધની ઉઠતાં ફરિયાદ કરવામાં આવી હતી,સહકારી આગેવાન દર્શન નાયક દ્વારા સુરતની સુમુલ ડેરીમાં રૂા. ૧હજાર કરોડનું કૌભાંડ થયા હોવાની ફરિયાદનો આક્ષેપ કરતો વિસ્તારથી પત્ર મુખ્ય પ્રધાનથી લઈ વડાપ્રધાન સુધીને લખાયો હતો. જે બાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે તપાસના આદેશ આપ્યા છે. ધી સુરત-તાપી ડિસ્ટ્રીકટ કો-ઓપેરેટીવ મિલ્ક પ્રોડ્યુસર યુનિયન લિ.સહકારી સંસ્થાને દૂષિત, કલુસિત કે નુકશાન કરનાર વ્યક્તિઓ તેમજ સંસ્થામાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અન્વયે થયેલ ફરિયાદો ઉપર તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા બાબતે નિષ્પક્ષ કમિટીની રચના કરી તપાસ કરવા ગત ૧૩મી જૂને મુખ્યપ્રધાનને સહકારી આગેવાન દર્શન નાયકે પત્ર લખ્યો હતો,તેઓ દ્વારા કૃષિ મંત્રાલયથી લઈ સહકાર મંત્રાલયમા રજુઆત કરાય હતી, પત્ર અને ફરિયાદની રજૂઆત બાદ કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને તપાસ કરવાનો આદેશ કરાયો હતોઅત્રે નોંધનીય છે કે , સુરતની સૌથી જૂની અને સુરત-તાપી જિલ્લામાં ૧૦૨૦ જેટલી મંડળીઓ ધરાવતી અઢી લાખથી વધુ સભાસદો ધરાવતી ડેરીના વહીવટી મુદે વર્ષ ૨૦૨૧માં વિવાદમાં આવી હતી, એટલુ જ નહીં તત્કાલીન પ્રમુખ રાજુ પાઠક પર રૂા. ૧૦૦૦ કરોડના કૌભાંડના કથિત આક્ષેપ કરવામાં આવ્યા હતા.આ ફરિયાદ છેક વડાપ્રધાન સુધી કરાયા બાદ તેમાં હવે તપાસના આદેશ અપાયા છે. ફરિયાદ અંગે દર્શન નાયક કહે છે કે કોંગ્રેસે જે તે સમયે વહીવટ અંગે રહસ્યમય રીતે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનું કહ્યું હતું. અમે ચોક્કસ કહીશું કે ગરીબ અને આદિવાસી પશુપાલકોને શોષિત કરનારને સજા મળવી જોઈએ અને અસરગ્રસ્તને ન્યાય મળવો જોઈએ.હવે જોવાનું એ રહ્યું કે તપાસ બાદ જો ભ્રષ્ટાચાર સાબિત થાય તો કાર્યવાહી થાય છે કે કેમ જોવું રહ્યું

### મંચ પરથી જ કર્યો મોટો દાવો

# સીએમ યોગી-યુપી BJP ચીફની સામે સાંસદે ખોલી નાખી પાર્ટીની પોલ

## ઉન્નાવના સાંસદ સાક્ષી મહારાજે કહ્યું, મને લાગે છે કે સત્તા અને સંગઠન વચ્ચે સન્માનની ભાગીદારી નથી

લખનૌ, તા.૨૨

ભારતીય જનતા પાર્ટીના ઉત્તર પ્રદેશ સ્થિત ઉન્નાવના સાંસદ સાક્ષી મહારાજે બુધવારે પાર્ટી નેતૃત્વને મુશ્કેલીમાં મૂકી દીધું. ભૂતપૂર્વ રાજ્યપાલ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રહી ચૂકેલા કલ્યાણ સિંહની પુણ્યતિથિ પર એક કાર્યક્રમમાં સાક્ષી મહારાજે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્ય એકમના પ્રમુખ ભૂપેન્દ્ર ચૌધરીની હાજરીમાં કહ્યું કે તેમની સમજ અનુસાર 'સરકાર અને પાર્ટી સંગઠન વચ્ચે કોઈ સન્માનજનક ભાગીદારી નથી.' પૂર્વ ભાજપ મુખ્યમંત્રી કલ્યાણ સિંહની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં ઉન્નાવના સાંસદે કહ્યું, 'મને લાગે છે કે સત્તા અને સંગઠન વચ્ચે સન્માનની ભાગીદારી નથી. બંને મુખિયા આગળ બેઠા છે, આગળ આનું ધ્યાન રાખશે તો ખૂબ કૃપા થશે.' સાક્ષી મહારાજની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ભાજપના યુપી એકમમાં કથિત રીતે ખટપટના દાવા કરવામાં આવી રહ્યા છે. આરોપ લગાવવામાં આવ્યા કે સીએમ યોગી



આદિત્યનાથના નેતૃત્વ વાળી સરકાર અને ભૂપેન્દ્ર ચૌધરીના નેતૃત્વ વાળા રાજ્ય એકમ વચ્ચે સમન્વયની કમી છે. મહારાજે અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો શ્રેય કલ્યાણ સિંહને આપ્યો. ભ્નઁ સાંસદે કહ્યું, 'વિવાદિત માળખું ન તૂટ્યું હોત તો આપણે મંદિરની પરિકલ્પના ન કરી શક્યા હોત. અયોધ્યામાં જે મંદિરનું નિર્માણ થયું છે તેનો શ્રેય કલ્યાણ સિંહજીને આપવા માંગું છું.' તેમણે કહ્યું કે પિતાનો આત્મા પુત્રમાં હોય છે, તેથી તેઓ બંનેનું સન્માન કરે છે અને આશા રાખે છે કે અન્ય લોકો પણ તેમનું સન્માન કરશે.

ઉન્નાવ સાંસદે કલ્યાણ સિંહના સપનાને 'પૂરું કરવા' બદલ સીએમ આદિત્યનાથનો આભાર પણ માન્યો. સાક્ષી મહારાજે કહ્યું 'પછી ભલે માફિયાને ખતમ કરવાની વાત હોય કે કેન્દ્ર સરકારની મદદથી અયોધ્યામાં રામ મંદિરના નિર્માણની વાત હોય. કલ્યાણ સિંહનું સપનું પૂરું થઈ રહ્યું છે.'

નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશની યોગી સરકારના મંત્રી ઓમપ્રકાશ રાજભરની પાર્ટી સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (સુભાષપા)નું રાષ્ટ્રીય અધિવેશન મુંબઈમાં ચાલી રહ્યું છે અને તે આજે ગુરુવારે (૨૨ ઓગસ્ટ) સમાપ્ત થઈ રહ્યું છે.

આ સંમેલનમાં વિવિધ રાજ્યોમાંથી તેમના પક્ષના પદાધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે અને પક્ષને વધુ આગળ લઈ જવા માટે તેમના સૂચનો લેવામાં આવી રહ્યા છે.

### ખાતર ની કાળાબજારી થતી હોવાનું સામે આવ્યું

# દાહોદમાં યુરિયા ખાતરની કાળાબજારી, વેપારીઓની ખુલેઆમ લૂંટ

## યુરિયાની થેલી દિઠ રૂપિયા ૨૬૬ના બદલે ૬૫૦ વસુલવામાં આવે છે

દાહોદ,તા.૨૨

દાહોદ માં યુરિયા ખાતર ની કાળાબજારી થતી હોવાનું સામે આવ્યું છે. ખેતી માટે જરૂરી એવા યુરિયા ખાતર લેવા ખેડૂતો ઊંચા ભાવ ચૂકવી રહ્યા છે. દાહોદ ના ફતેપુરા માં યુરિયા ખાતરની મોટાપાયે કાળાબજારી થતી હોવાનું બાતમીદાર સૂત્રોએ જણાવ્યું. હાલમાં વરસાદની સિઝન ખેડૂતો માટે વધુ મહત્વની છે. ચોમાસામાં મકાઈ અને ડાંગર જેવા અનેક પાકની ખેડૂતો પકવણી કરતા હોય છે. ત્યારે આવા ચોમાસુ પાક માટે યુરિયા ખાતર વધુ મહત્વનું માનવામાં આવે છે. આથી ખેતીની જમીનમાં પાકના સંરક્ષણ માટે ખેડૂતો ઊંચા ભાવે પણ યુરિયા ખાતર ખરીદવા મજબૂર બન્યા છે. આવા જ એક ભોગ બનેલા ખેડૂતે નામ ના આપવાની શરતે જણાવ્યું કે ચોમાસાની સિઝન ખેડૂતો માટે જીવાદોરી મનાય છે. કારણ કે આ જ સિઝનમાં તેઓ વધુ ખેતી કરતા હોય છે. ખેડૂતોની મજબૂરીનો લાભ લઈ કેટલાક નફાખોરો ખેતી માટે જરૂરી એવા યુરિયા ખાતરમાં ત્રણગણો ભાવ વસૂલે છે. યુરિયાની થેલી દિઠ રૂપિયા ૨૬૬ના બદલે ૬૫૦ વસુલવામાં આવે છે. ખેતી માટે જરૂરી પુરતા પ્રમાણમાં ખાતર પહોંચતું ન હોવાથી ખેડૂતો ઊંચા ભાવે ખાતર ખરીદવા મજબુર બન્યા છે. હાલ મકાઈ ડાંગર સોયાબીન જેવા પાકોમાં ખાતર ની ખુબ જરૂર છે. ત્યારે વેપારીઓ બેફામ લૂંટ ચલાવી રહ્યા છે. યુરિયા ખાતરના કિમંત વધારાની અસર ગરીબ આદિવાસી ખેડૂતોને વધુ થાય છે.

ગરીબ આદિવાસી ખેડૂતોને વેપારીઓ ખૂલેઆમ લૂંટી રહ્યા છે. સુખસર ના એક વેપારીનો વિડિઓ વાયરલ થયો છે. આ વાયરલ વિડિયોમાં ખેડૂતો પાસે ૬૫૦ રૂપિયા લઈ ખુલ્લી લૂંટ ચલાવતો હોવાનું નજરે પડે છે.

### દેશમાં એક મોટા આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ થયો

# રાજસ્થાન, યુપીથી ઝારખંડ સુધી દેશમાં અલકાયદાના મોટા મોડ્યુલનો ભાંડાફોડા

## અત્યાર સુધીમાં કુલ ૧૪ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે

નવીદિલ્હી,તા.૨૨

દેશમાં એક મોટા આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ થયો છે. દિલ્હી પોલીસે એટીએસ સાથે મળીને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડના અનેક શહેરોમાં દરોડા પાડ્યા હતા. ઝારખંડ, યુપી અને રાજસ્થાનમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૪ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, આ મોડ્યુલનું સંચાલન રાંચીના ડૉ. ઈશ્તિયાક કરી રહ્યો હતો. તે દેશના અલગ-અલગ વિસ્તારોમાં મોટી આતંકી ગતિવિધિઓને અંજામ આપવાનો પ્લાન બનાવી રહ્યો હતો. મોડ્યુલના સભ્યોને અલગ-અલગ જગ્યાએ હથિયાર ચલાવવાની તાલીમ આપવામાં આવી હતી. પોલીસે રાજસ્થાનના ભિવાડીમાંથી હથિયાર ચલાવવાની તાલીમ લેતા ૬ શકમંદોની અટકાયત કરી છે.

શકમંદોની પૂછપરછ કર્યા બાદ સ્પેશિયલ સેલની ટીમે ઝારખંડ અને યુપીમાં દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન કુલ ૮ શકમંદોની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.

હાલમાં, વિવિધ સ્થળોએ તપાસ ચાલી રહી છે અને નેટવર્ક સાથે સંકળાયેલા વધુ શકમંદોની ધરપકડ થવાની ધારણા છે. હજુ પણ ઘણી જગ્યાએ ઓપરેશન ચાલુ છે અને હથિયારો, બોમ્બ, જેહાદી અને આતંકવાદી સાહિત્ય વગેરેની રિકવરી પણ ચાલુ છે.

લોહરદગા, રાંચી, હજારીબાગ વગેરે જિલ્લાઓમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. લોહરદગા પોલીસ કેપ્ટન હરીશ બિન જમાને જણાવ્યું કે, એટીએસની ટીમ લોહરદગા કુડુ પોલીસ સ્ટેશન હેઠળના કૌવાખાપ ગામમાં દરોડા પાડવા ગઈ હતી. આ દરમિયાન ઈલ્તાફ નામનો યુવક દરોડા પહેલાં જ સ્થળ પરથી ભાગી ગયો હતો. તેના ઘરેથી બે હથિયારો મળી આવ્યા છે. ઝારખંડમાં અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે.ગુરૂવારે સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ લોહરદગા જિલ્લાના કુડુ બ્લોકના હેંઝલા પંચાયતના કૌવાખાપ ગામમાં એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ એ મોટી કાર્યવાહી કરી હતી. તેમણે ગામના એક યુવકની બે હથિયારો સાથે ધરપકડ કરી છે અને તેને પોતાની સાથે લઈ ગઈ છે. આ અંગે ATSની ટીમે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સીડીપીઓ શ્રદ્ધા કેરકેટાએ દરોડાની પુષ્ટિ કરી છે, પરંતુ ધરપકડ કરાયેલો યુવક કઈ સંસ્થાનો છે,તેનું નામ શું છે તે માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો.

### આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ વાયરલ

# સગર વિજય સુવાળા અને ૫૦ લોકોએ ભેગા મળી નેતા પર કર્યો હુમલો

## ઓઢવ પોલીસ સ્ટેશનમાં ગાયક અને તેના ભાઈ સહિત ૫૦ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી

અમદાવાદ , તા.૨૨

જાણીતા સિંગર વિજય સુવાળાનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં ફિલ્મી સ્ટાઈલમાં ગુંડાગર્દી જોવા મળે છે. દિનેશ દેસાઇ નામના જમીન દલાલની ઓફિસ પર ૫૦ જેટલા લોકોના ટોળાએ હોબાળો મચાવ્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈને જમીન દલાલે ઓઢવ પોલીસ સ્ટેશનમાં વિજય સુવાળા અને તેમના ભાઈ યુવરાજ સુવાળા સહિત ૫૦ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ છે જેમાં ૧૩ લોકો સામે નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જાણીતા સિંગર વિજય સુવાળા અને તેમના ભાઈ તથા ૫૦ થી વધુ લોકોએ જમીન દલાલ દિનેશ દેસાઈની ઓફિસ પર જઈને ઉત્પાત મચાવ્યો હતો. ૫૦ લોકોના ટોળાએ ઓફિસ પર જઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ કર્યા હતા. જોકે આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થયો છે. મળતી માહિતી અનુસાર જમીનની લેતી-દેતીમાં વિવાદ થતાં દિનેશ દેસાઈ પર હુમલો થયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે મહત્વની વાત એ છે કે છઉઁમાં જોડાયેલા વિજય સુવાળા રાતોરાત છોડીને ભાજપમાં જોડાયા હતા. તો બીજી તરફ દિનેશ દેસાઈ પણ ભાજપના જ નેતા છે.

### કોલકાતા કાંડમાં CBIનો મોટો ખુલાસો

# ડોક્ટરનો ગેંગરેપ નહિ પણ માત્ર એક જ અપરાધી

## સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન એજન્સીની અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ડોક્ટર પર ગેંગરેપ નથી થયો

કોલકત્તા, તા.૨૨

કોલકાતામાં ટ્રેઈની ડૉક્ટરની હત્યા કેસમાં CBIએ નવો ખુલાસો કર્યો છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ડૉક્ટર પર ગેંગરેપ નથી થયો. સીબીઆઈના જણાવ્યા અનુસાર, સંજય રોય નામનો વ્યક્તિ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યામાં સામેલ છે. ઉલ્લેખનીય છે કે ૧૩ ઓગસ્ટે આ કેસની તપાસની જવાબદારી ઝ્રમ્ૈંને સોંપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ ફોરેન્સિક રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંજય રોય નામના વ્યક્તિ દ્વારા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. તે કોલકાતા પોલીસ સાથે જોડાયેલો હતો. ડીએનએ રિપોર્ટમાં પણ તેની સંડોવણીની પુષ્ટિ થઈ છે.સંજય રોયની ૧૦ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. આના એક દિવસ પહેલા જ હોસ્પિટલના સેમિનાર હોલમાં અર્ધ-નગ્ન હાલતમાં ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. આ સિવાય સીબીઆઈએ સીસીટીવી ફૂટેજ પણ તપાસ્યા છે, જેમાં તે બિલ્ડીંગમાં પ્રવેશતો જોવા મળ્યો હતો જ્યાં ડૉક્ટરની હત્યા કરવામાં આવી હતી. આરોપી ઘરેલુ હિંસાનો ઈતિહાસ ધરાવે છે. આ હોવા છતાં, તેની હોસ્પિટલના તમામ વિભાગોમાં પહોંચ હતી. ગુનાના સ્થળે તેનું બ્લૂટૂથ હેડસેટ મળી આવ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

# મમતા બેનરજીએ PM મોદીને લખેલા પત્રમાં બળાત્કાર વિરુદ્ધ કડક કાયદો બનાવવાની માંગણી કરી

## આવા કેસોમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના પર પણ પ્રસ્તાવિત કાયદામાં વિચાર કરવો જોઈએ.

પશ્ચિમ બંગાળ,તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દેશમાં મહિલાઓ પર થઈ રહેલી હિંસા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો. આ પત્ર દ્વારા તેમણે બળાત્કાર વિરુદ્ધ કડક કાયદો બનાવવાની માંગણી કરી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના મુખ્ય સલાહકાર અલપન બંદ્યોપાધ્યાયે આ અંગે માહિતી આપી છે.

CM મમતા બેનરજીએ તેમના પત્રમાં લખ્યું, "દેશભરમાં બળાત્કારના કેસો સતત વધી રહ્યા છે અને ઉપલબ્ધ આંકડા અનુસાર ઘણા કેસોમાં બળાત્કાર સાથે હત્યા પણ કરવામાં આવે છે. એ જોવું ભયાવહ છે કે દેશભરમાં દરરોજ લગભગ ૯૦ બળાત્કારના કેસો થાય છે. આનાથી સમાજ અને રાષ્ટ્રનો વિશ્વાસ અને વિવેક ડગમગી જાય છે. આપણા બધાની ફરજ છે કે આપણે આને સમાપ્ત કરીએ જેથી મહિલાઓ સુરક્ષિત અનુભવે."

CM મમતા બેનરજીએ લખ્યું, "આવા ગંભીર અને સંવેદનશીલ મુદ્દાને કઠોર કેન્દ્રીય કાયદા દ્વારા વ્યાપક રીતે સંબોધવાની જરૂર છે, જેમાં આવા જઘન્ય અપરાધોમાં સામેલ વ્યક્તિઓ વિરુદ્ધ કઠોર સજાની જોગવાઈ હોય. આવા કેસોમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના પર પણ પ્રસ્તાવિત કાયદામાં વિચાર કરવો જોઈએ."CM મમતા બેનરજીએ PM ને લખેલા પત્રમાં ત્રણ માંગણીઓ કરી. પહેલી માંગણી - આવા જઘન્ય અને ક્રૂર અપરાધોને રોકવા માટે કડક કાયદાની જરૂર છે. બીજી માંગણી ફાસ્ટ ટ્રેક કોર્ટે ઝડપથી સુનાવણી કરવી જોઈએ. ત્રીજી માંગણી ૧૫ દિવસની અંદર ટ્રાયલ પૂરી કરવી પડશે.

કોલકાતા બળાત્કાર અને હત્યા કેસને લઈને સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુરુવારે (૨૨ ઓગસ્ટ ૨૦૨૪) બંગાળ પોલીસને ઠપકો આપ્યો. કોર્ટે દેશભરના ડૉક્ટરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પગલાં લેતા નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી છે.

ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે બંગાળ સરકાર અને કોલકાતા પોલીસ પર સવાલ ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે આ કેસના સંબંધમાં અકુદરતી મૃત્યુનો કેસ નોંધવામાં કોલકાતા પોલીસના વિલંબને અત્યંત ચિંતાજનક ગણાવ્યો હતો.કોર્ટે કહ્યું, 'આ ખૂબ જ આશ્ચર્યજનક છે કે અકુદરતી મૃત્યુનો કેસ નોંધાયો તે પહેલા જ ૯ ઓગસ્ટના રોજ સાંજે ૬:૧૦થી ૭:૧૦ વાગ્યાની વચ્ચે મૃતક પીડિતાનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. એવું કેવી રીતે બન્યું કે પોસ્ટ મોર્ટમ ૯ ઓગસ્ટના રોજ સાંજે ૬:૧૦ વાગ્યે કરવામાં આવ્યું હતું પરંતુ અકુદરતી મૃત્યુની માહિતી તાલા પોલીસ સ્ટેશનને ૯ ઓગસ્ટના રોજ ૧૧:૩૦ વાગ્યે મોકલવામાં આવી હતી? આ ખૂબ જ પરેશાન કરે છે.

### ગાંધીનગરને બદલે ચાંદખેડામાં થશે સમાપન

# ૯ ઓગસ્ટે શરૂ થયેલી કોંગ્રેસની ન્યાયયાત્રા અમદાવાદ આવતા સુધીમાં મંદ પડી

## ૧૩માં દિવસે કોંગ્રેસની ન્યાય યાત્રાનો અમદાવાદમાં સરખેજ રેલવે ક્રોસિંગથી પ્રારંભ કરાયો હતો જે વાસણા APMC થઈ કોંગ્રેસના કાર્યાલય રાજીવ ગાંધી ભવન પહોંચી હતી

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં ઘટેલી વિવિધ દુર્ઘટનાઓમાં પીડિતોને ન્યાય અપાવવા માટે ૯ ઓગસ્ટથી મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાય યાત્રા ૧૩માં દિવસે અમદાવાદ આવી પહોંચી છે. આ ન્યાય યાત્રામાં આવવા માટે રાહુલ ગાંધીને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ પરંતુ તેઓ આવ્યા ન હતા જે બાદ મલ્લિકાર્જુન ખરગેના આવવાન વાતો હતી પરંતુ તે પણ ન આવતા રાષ્ટ્રીય સ્તરના કોઈ મોટા નેતા યાત્રામાં દેખાયા નથી, જેને લઈને કાર્યકરોનો ઉત્સાહ પણ મંદ પડેલો જોવા મળ્યો હતો.

૯ ઓગસ્ટથી મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાય યાત્રા આજે અમદાવાદ આવી પહોંચી છે. આ ન્યાય યાત્રાનું આવતીકાલે ચાંદખેડામાં સમાપન થશે. અગાઉ ગાંધીનગરમાં યાત્રાનું સમાપન કરવાનું નક્કી કરાયુ હતુ. જો કે હવે ગાંધીનગરને બદલે અમદાવાદમાં જ યાત્રાનું સમાપન કરવામાં આવશે. આજે ૧૩માં દિવસે કોંગ્રેસની ન્યાય યાત્રાનો અમદાવાદમાં સરખેજ રેલવે ક્રોસિંગથી પ્રારંભ કરાયો હતો. જે વાસણા APMC થઈ કોંગ્રેસના કાર્યાલય રાજીવ ગાંધી ભવન પહોંચી હતી. ત્યાં વિરામ કર્યા બાદ સાબરમતી સ્થિત ગાંધી આશ્રમ જશે. ત્યાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. જિજ્ઞેશ મેવાણી, કિસાન કોંગ્રેસના નેતા પાલ આંબલિયા, લાલજી દેસાઈ, હિંમતસિંહ પટેલ સહિતના નેતાઓની આગેવાનીમાં આ યાત્રા નીકળી હતી. કોંગ્રેસની ન્યાય યાત્રા અમદાવાદ પહોંચતા જ હિંમતસિંહ પટેલે જિજ્ઞેશ મેવાણી અને લાલજી દેસાઈને સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન હિંમત સિંહ પટેલે ગુજરાતમાં બનેલી દુર્ઘટનાઓ અંગે સરકારની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યુ ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી લોકો ન્યાય માટે ઝંખી રહ્યા છે, લોકોને, ખેડૂતોને ન્યાય નથી મળી રહ્યો, યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે આ તમામ સળગતા મુદ્દાઓ સામે ગુજરાત કોંગ્રેસ પુરી તાકાત સાથે લડશે અને લોકોને ન્યાય ન મળે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ શરૂ રહેશે. ભાજપના નેતાઓ કોંગ્રેસની ન્યાય યાત્રા નિષ્ફળ રહી હોવાના પહેલા દિવસથી પ્રહાર કરી રહ્યા છે અને લાશો પર રાજકારણ રમવાનો આક્ષેપ કરી રહ્યા છે. ગુજરાતમાં બનેલી દુર્ઘટનાના પીડિતોને ન્યાય અપાવવા માટે આયોજિત કરાયેલી આ ન્યાય યાત્રાને ભાજપે નિષ્ફળ યાત્રા ગણાવી છે, આ મુદ્દે પાલ આંબલિયાએ જણાવ્યુ કે પ્રથમ દિવસથી ભાજપ યાત્રાને લઈને લોકોમાં ગેરસમજ ફેલાવી રહી છે પરંતુ આ ૧૩ દિવસ દરમિયાન બોડી વોર્ન કેમેરા સાથે પોલીસ સતત સાથે જ હતી ક્યાંય પણ અરાજક્તા ફેલાઈ નથી. આ તરફ બપોર બાદ કોંગ્રેસની ન્યાય યાત્રામાં ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના જોડાયા હતા.અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય પર થયેલા પથ્થરમારા બાદ રાહુલ ગાંધી ગુજરાત આવ્યા હતા અને કોંગ્રેસની ન્યાય યાત્રામાં આવશે તેવો દાવો કર્યો હતો. જો કે રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખરગે કે અન્ય કોઈપણ રાષ્ટ્રીય સ્તરના નેતા આ યાત્રામાં દેખાયા નથી. ત્યારે મોરબીથી શરૂ થયેલી આ યાત્રા રાજકોટ, વડોદરા, સુરત બાદ અમદાવાદ પહોંચી છે.

જેમા કાર્યકરોનો ઉત્સાહ મંદ પડેલો સ્પષ્ટ દેખાયો હતો. ગુજરાતમાં મોરબી કેબલ બ્રિજ દુર્ઘટના, રાજકોટના ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડ, વડોદરાનો હરણી બોટકાંડ અને સુરતના તક્ષશિલા અગ્નિકાંડના તમામ પીડિતોને ન્યાય અપાવવા માટે આ યાત્રાનું આયોજન કરાયુ હતુ. જેનુ આવતીકાલે ચાંદખેડામાં એક જનસભા બાદ સમાપન થવાનુ છે.

### સૌથી વધુ ચાંદખેડામાં ખાબક્યો વરસાદ

# અમદાવાદમાં મેઘરાજાની ધૂંઆધાર બેટિંગ, અનેક વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાય

અમદાવાદ,તા.૨૨

હવામાન વિભાગની આગાહી વચ્ચે અમદાવાદમાં વરસાદ વરસ્યો છે.સામાન્ય વરસાદમાં અમદાવાદ પાણી પાણી થયુ છે. અમદાવાદના ચાંદખેડામાં સૌથી વધુ ૨ ઈંચ વરસાદ ખાબક્યો તો વાસણા વિસ્તારમાં પોણા ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ૨ ઈંચ વરસાદમાં જ અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી અમદાવાદના ગૌતમબાગ વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેના કારણે પાણી ભરાવવાની સમસ્યા જોવા મળી છે. તો શાસ્ત્રીનગર અને પાલડી જેવા પોશ વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ ખાબકતા ઘુંટણસમા પાણી ભરાયા છે. શહેરના પશ્ચિમ વિસ્તારની આટલા વરસાદમાં આવી હાલત છે. અમદાવાદમાં વરસાદના કારણે શહેરીજનો હાલાકી ભોગવી રહ્યા છે.અમદાવાદના SG હાઈવે પર ઝીરો વિઝિબિલિટીના દ્રશ્યો જોવા મળ્યા. જેના કારણે લોકોને ભારે હાલાકી થઈ રહી છે.તો અનેક વિસ્તારો જળમગ્ન થયા અને ઘુંટણસમા પાણીથી શહેરીજનો પરેશાન થયા છે. તો બીજી બાજુ ટ્રાફિકની સમસ્યા અને અંડર બ્રિજ બંધ થવાના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ છે.

### પીએમ મોદીએ પોલેન્ડમાં કહ્યું

# ‘યુદ્ધ, કોરોના... ગમે તે સંકટ હોય, ભારત હંમેશા માનવતા માટે કામ કરે છે’

## પીએમ મોદીએ ભારતીય સમુદાયના લોકોને સંબોધતા કહ્યું કે તમે બધા પોલેન્ડના જુદા જુદા ભાગોમાંથી આવ્યા છો, દરેકની ભાષા, બોલી, ખોરાક અલગ અલગ હોય છે

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા છે. અહીં પીએમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે મોન્ટે કેસિનો યુદ્ધ સ્મારક નજીક વલીવડે-કોલ્હાપુર શિબિરની સ્મારક તકતી પર શ્રદ્ધાંજલિ આપી, જેનું ઉદ્ઘાટન નવેમ્બર ૨૦૧૭માં થયું હતું. વડાપ્રધાન મોદીની પોલેન્ડની મુલાકાત છેલ્લા ૪૫ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત છે. પોલેન્ડમાં તેમના રોકાણ દરમિયાન પીએમ મોદી પોલેન્ડના રાષ્ટ્રપતિ એન્ડ્રેજ સેબેસ્ટિયન ડુડાને મળશે. આ સાથે તેઓ પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.પોલેન્ડની રાજધાની વોર્સોમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તમે બધા પોલેન્ડના જુદા જુદા ભાગોમાંથી આવ્યા છો. દરેકની ભાષા, બોલી, ખોરાક અલગ અલગ હોય છે. પરંતુ દરેક વ્યક્તિ જોડાયેલ છે. તમે અહીં આટલું સુંદર સ્વાગત કર્યું છે. આ સ્વાગત માટે હું તમારા બધાનો, પોલેન્ડના લોકોનો ખૂબ ખૂબ આભારી છું. તમે લોકો છેલ્લા એક અઠવાડિયાથી ભારતીય મીડિયા પર પ્રભુત્વ જમાવી રહ્યા છો. પોલેન્ડના લોકોની ખૂબ ચર્ચા થઈ રહી છે. અને પોલેન્ડના વિષય પર પણ ઘણું કહેવામાં આવી રહ્યું છે. મીડિયામાં કહેવામાં આવી રહ્યું છે કે ૪૫ વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાન પોલેન્ડ આવ્યા છે. હું ઘણી સારી વસ્તુઓ કરવા માટે નસીબદાર છું.તેણે કહ્યું કે થોડા મહિના પહેલા જ હું ઓસ્ટ્રિયા ગયો હતો. ચાર દાયકા પછી કોઈ ભારતીય વડાપ્રધાન પણ ત્યાં પહોંચ્યા હતા. દાયકાઓથી ભારતના કોઈ વડાપ્રધાન આવા ઘણા દેશોમાં પહોંચ્યા નથી. પરંતુ હવે સંજોગો અલગ છે. દાયકાઓ સુધી ભારતની નીતિ તમામ દેશોથી સમાન અંતર જાળવી રાખવાની હતી, જ્યારે આજે ભારતની નીતિ તમામ દેશોની નજીક બનવાની છે. આજનો ભારત દરેક સાથે જોડાવા માંગે છે, આજનો ભારત દરેકના વિકાસની વાત કરે છે, આજનો ભારત સૌની સાથે છે, દરેકના કલ્યાણ વિશે વિચારે છે. અમને ગર્વ છે કે આજે વિશ્વ ભારતને વિશ્વ ભાઈ તરીકે સન્માનિત કરી રહ્યું છે.વડાપ્રધાને કહ્યું કે અમારા માટે આ રાજકારણનો મામલો નથી. તેના બદલે તે સંસ્કૃતિ વિશે છે. જેઓને ક્યાંય સ્થાન ન મળ્યું, ભારતે તેમને પોતાના હૃદયમાં અને દેશમાં સ્થાન આપ્યું છે.

આ આપણી સંસ્કૃતિ છે, જેના પર દરેક ભારતીયને ગર્વ છે. પોલેન્ડ તેનું ભાગીદાર રહ્યું છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે પોલેન્ડ મુશ્કેલીઓથી ઘેરાયેલું હતું, જ્યારે પોલેન્ડની હજારો મહિલાઓ અને બાળકો આશ્રય માટે સ્થળે સ્થળે ભટકી રહ્યા હતા ત્યારે જામ સાહેબ, દિગ્વિજયસિંહ રણજીતસિંહ જાડેજા જી આગળ આવ્યા. તેમણે મહિલાઓ અને બાળકો માટે ખાસ કેમ્પ બનાવ્યો હતો અને તેમણે કેમ્પની મહિલાઓ અને બાળકોને કહ્યું હતું કે જેમ જામનગરના લોકો મને બાપુ કહે છે તેમ હું પણ તમારો બાપુ છું.- આજે મને મોન્ટે કેસિનો મેમોરિયલમાં શ્રદ્ધાંજલિ આપવાનો મોકો મળ્યો, આ સ્મારક હજારો ભારતીય સૈનિકોના બલિદાનની યાદ અપાવે છે. દુનિયાના ખૂણે ખૂણે ભારતીયોએ કેવી રીતે પોતાની ફરજ બજાવી છે તેનો આ પુરાવો છે.- ૨૧મી સદીનું ભારત તેની વિરાસત પર ગર્વ સાથે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આજે વિશ્વ ભારતને ઓળખે છે કારણ કે ભારતીયોએ વિશ્વને જે ગુણો સાબિત કર્યા છે.સહાનુભૂતિ પણ આપણા ભારતીયોની ઓળખ છે. વિશ્વના કોઈપણ દેશમાં જ્યારે પણ સંકટ આવે છે ત્યારે ભારત પહેલો એવો દેશ છે જે મદદનો હાથ લંબાવે છે.

### ભત્રીજા અભિષેક બેનર્જી વચ્ચેના મોટા મતભેદો સામે આવ્યા છે

# શું કોલકાતાની ઘટનાથી ઘેરાયેલા મમતા બેનર્જીનાં ભત્રીજાથી અંતર વધી રહ્યું છે?

## કેઆરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાની ઘટના સામે દેશભરમાં સતત વિરોધ થઈ રહ્યો છે

મુંબઈ, તા.૨૨

પશ્ચિમ બંગાળની મમતા સરકાર આ દિવસોમાં કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના કેસને લઈને બેકફૂટ પર છે. આ કિસ્સાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી (દીદી) અને તેમના ભત્રીજા અભિષેક બેનર્જી વચ્ચેના મોટા મતભેદો સામે લાવ્યા છે. આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાની ઘટના સામે દેશભરમાં સતત વિરોધ થઈ રહ્યો છે. આ મામલામાં બંગાળ સરકારને સુપ્રીમ કોર્ટની ફટકારનો સામનો કરવો પડ્યો હતો. આ બધાની વચ્ચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી (દીદી) અને તેમના ભત્રીજા, ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જી વચ્ચે આ બાબતને લઈને મોટા મતભેદો પણ સામે આવ્યા છે.આ મતભેદો રાજ્યમાં સામ્યવાદી શાસનના સમયગાળાની યાદ અપાવે છે જ્યારે જ્યોતિ બસુ અને પ્રમોદ દાસગુપ્તા જેવા નેતાઓ વચ્ચેના મતભેદો ખુલ્લેઆમ જાહેર થયા હતા. તેને રાજ્ય સરકારના રાઈટર્સ બિલ્ડીંગ હેડક્વાર્ટર અને પાર્ટીના અલીમુદ્દીન સ્ટ્રીટ હેડક્વાર્ટર વચ્ચેના સંઘર્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે આ આંતરિક મતભેદો નબન્નામાં સરકારી મુખ્યાલય અને કેમેક સ્ટ્રીટમાં અભિષેકની ઓફિસ વચ્ચે ફરી ઉભરી રહ્યાં છે.આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી નજીક આવી રહી છે ત્યારે દીદી અભિષેકની મીડિયા ટીમને બાયપાસ કરીને મીડિયાને સીધી રીતે હેન્ડલ કરી રહી છે. મતભેદો હોવા છતાં, તે કટોકટીનો સામનો કરવામાં મુખ્ય વ્યક્તિ છે. અભિષેક સપ્ટેમ્બરના મધ્યમાં આંખની સર્જરી માટે ન્યૂયોર્ક જઈ રહ્યો છે, જેના કારણે અટકળોનું બજાર વધુ ગરમ થઈ ગયું છે.તમને જણાવી દઈએ કે મહિલા ડૉક્ટરનો મૃતદેહ ૯ ઓગસ્ટની સવારે હોસ્પિટલના ઓડિટોરિયમ માંથી મળ્યો હતો. આ મામલામાં ૧૦ ઓગસ્ટના રોજ અવારનવાર હોસ્પિટલ પરિસરમાં આવતા એક વ્યકિતની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ દેશભરમાં તબીબી સેવાઓ પ્રભાવિત થઈ છે અને સેંકડો ડૉક્ટરો વિવિધ સંગઠનોના બેનર હેઠળ હડતાળ પર છે અને ડૉક્ટરોની સુરક્ષાની માંગ કરી રહ્યા છે.

### ‘ક્યારેય મંત્રી બનવા માંગતા નહોતા’

# સુરેશ ગોપી ફિલ્મોમાં કામ કરવા માટે કેન્દ્રીય મંત્રી પદ છોડશે?

## “મારે આટલું જ કરવું છે તેથી, જો તેઓ મને આ માટે હટાવે છે, તો હું મારી જાતને બચાવી લઈશ, હું એટલું જ કહી શકું છું”

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્રીય પેટ્રોલિયમ, પ્રાકૃતિક ગેસ અને પર્યટન રાજ્ય મંત્રીએ કહ્યું કે સ્ક્રીપ્ટ સાંભળ્યા બાદ ૨૦-૨૨ ફિલ્મો એવી હતી જેમાં તે ખરેખર કામ કરવા માંગતો હતો અને તે તેમાં કામ કરવા માટે રાજી થઈ ગયો છે. જ્યારે તેણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસે ફિલ્મોમાં અભિનય કરવાની પરવાનગી માંગી ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને કેટલી ફિલ્મોમાં અભિનય કરવા માટે પરવાનગીની જરૂર છે. અભિનેતામાંથી રાજકારણી બનેલા સુરેશ ગોપી, કેરળના એકમાત્ર ભાજપના સાંસદ, બુધવારે જણાવ્યું હતું કે જો મંત્રી પદ પર હોલ્ડિંગ કરતી વખતે ફિલ્મોમાં કામ કરવા બદલ કેન્દ્રીય રાજ્ય મંત્રીના પદ પરથી હટાવવામાં આવે તો તેઓ પોતાને બચાવી લેવાશે. કેરળના એકમાત્ર બીજેપી સાંસદના નિવેદનથી હંગામો મચી ગયો છે. ગોપીએ એમ પણ કહ્યું કે તેણે ફિલ્મ ‘ઓટ્ટાકોમ્બન’નું શૂટિંગ શરૂ કરવા માટે પરવાનગી માંગી છે, પરંતુ હજુ સુધી તેને મંજૂરી મળી નથી. તેણે કહ્યું, “પરંતુ હું ૬ સપ્ટેમ્બરથી તેનું શૂટિંગ શરૂ કરીશ.”કેન્દ્રીય પેટ્રોલિયમ, પ્રાકૃતિક ગેસ અને પર્યટન રાજ્ય મંત્રીએ કહ્યું કે સ્ક્રીપ્ટ સાંભળ્યા બાદ ૨૦-૨૨ ફિલ્મો એવી હતી જેમાં તે ખરેખર કામ કરવા માંગતો હતો અને તે તેમાં કામ કરવા માટે રાજી થઈ ગયો છે. જ્યારે તેણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસે ફિલ્મોમાં અભિનય કરવાની પરવાનગી માંગી ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને કેટલી ફિલ્મોમાં અભિનય કરવા માટે પરવાનગીની જરૂર છે.પીટીઆઈ અનુસાર, કેરળ ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા ગોપીએ કહ્યું, “મેં ૨૨ ફિલ્મો વિશે કહ્યું હતું. આ સાંભળીને અમિત શાહે મારો વિનંતી પત્ર બાજુ પર રાખ્યો હતો. પરંતુ તેમણે કહ્યું હતું કે પરવાનગી આપવામાં આવશે. જોકે, ઉપરાંત, હું ૬ સપ્ટેમ્બરે અહીં આવીશ.”તેમણે કહ્યું કે તેઓ તેમની સાથે મંત્રાલયમાંથી ત્રણ કે ચાર અધિકારીઓને લાવશે, જેઓ તેમની મંત્રીપદની ફરજો નિભાવવામાં મદદ કરશે અને આ માટે ફિલ્મના સેટ પર વિશેષ વ્યવસ્થા કરવી પડશે. તેણે કહ્યું, “મારે આટલું જ કરવું છે. તેથી, જો તેઓ મને આ માટે હટાવે છે, તો હું મારી જાતને બચાવી લઈશ. હું એટલું જ કહી શકું છું.”ગોપીએ કહ્યું કે તે ક્યારેય મંત્રી બનવા માંગતો નથી અને હજુ પણ બનવા માંગતો નથી. તેમણે કહ્યું, “મને મંત્રી બનાવવાના તેમના (તેમના નેતાઓ) દ્વારા લેવામાં આવેલા નિર્ણયને હું નમન કરું છું, કારણ કે તેઓએ કહ્યું હતું કે તેઓ મને થ્રિસુરના લોકો માટે આ પદ આપી રહ્યા છે, જેમણે મને સત્તા માટે મત આપ્યો છે, તેમના માટે નહીં. મારા માટે. , મેં તે નિર્ણય સ્વીકાર્યો છે અને તેમ કરવાનું ચાલુ રાખીશ પરંતુ મારા શોખ (સિનેમા) વિના હું મરી જઈશ.

### કોંગ્રેસના ધારાસભ્યો એક દિવસ માટે સસ્પેન્ડ

# વિધાનસભામાં ટૂંકી મુદતના પ્રશ્નોના મુદ્દે ભારે હોબાળો

## કોનો પ્રશ્ન લેવો કે ન લેવો તે નિયમ પ્રમાણે નક્કી થાય છે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે બીજો દિવસ છે. ગૃહમાં ટુંકી મુદતના પ્રશ્નો રદ થવા મામલે કોંગ્રેસે સવાલો ઉઠાવી બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતાં. ત્યાર બાદ વિપક્ષના ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું હતું. બાદમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા ગૃહમાં મતદાન દ્વારા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ ધારાસભ્યોના ટૂંકી મુદતના પ્રશ્નો રદ થતાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. અધ્યક્ષે જણાવ્યું હતું કે, નિયમ વગર કામ ન કરી શકાય, કાર્યવાહી વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલે છે, હું ચર્ચા કરવાનો મોકો આપીશ. આ તરફ પ્રશ્નો રદ થતાં કોંગ્રેસના ધારાસભ્યોએ બેનર દર્શાવ્યા હતા. અધ્યક્ષે જણાવ્યું હતું કે, પહેલેથી નક્કી કરી બેનર બતાવો તે યોગ્ય નથી. વિધાનસભા અધ્યક્ષે સાર્જન્ટને બેનર લઈ લેવા સૂચના આપી હતી. જેને લઈને કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાંથી વોક આઉટ કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવા સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે પ્રસ્તાવ મુક્યા બાદ અધ્યક્ષ દ્વારા કાર્યવાહી કરાઈ છે.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમાં કહ્યું હતું કે, સંસદીય મંત્રીએ જે દરખાસ્ત મૂકી છે એને હું ટેકો જાહેર કરું છું. બીજું એ કહેવા માગુ છું કે, સરકારે કમટી બનાવી છે. આ કિસ્સો સરકારે પકડ્યો છે. સામાન્ય માણસની ચિઠ્ઠીને આધારે આખી તપાસ શરૂ કરી છે. આ ચર્ચા ગૃહમાંથી લાવવાથી કેટલાક લોકોને બચવાનો રસ્તો મળી શકે એમ છે. જાણી જોઈને આ રીતે ગૃહનો સમય બગાડવો અને પ્રજાના પ્રશ્નોની ચર્ચા રોકવાનો પ્રયાસ છે.

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ ટૂંકી મૂદતના પ્રશ્ન બાબતે કહ્યું હતું કે, આજે બે જ પ્રશ્ન દાખલ થયા છે. કોંગ્રેસનો એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. ત્યારે અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું હતું કે, ટૂંકી મૂદતના પ્રશ્ન જવાબ મંત્રીની સહમતીથી દાખલ કરવામાં આવે છે. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અમારા ૧૨ પ્રશ્ન છે એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. ગઈ કાલે અતિવૃષ્ટિનો પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો ન હતો. ભાજપના ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરી શરૂ થાય અને પૂર્ણ થયા બાદ જ પોઈન્ટ ઓફ ઓડર ઉઠાવી શકાય છે. કોનો પ્રશ્ન લેવો કે ન લેવો તે નિયમ પ્રમાણે નક્કી થાય છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, ટૂંકી મૂદતના પ્રશ્નોથી પ્રજાના પ્રશ્નોને વાચા આપી શકાય. પ્રશ્નોના જવાબ આપવા માટે મંત્રીઓ કેમ ડરે છે. જવાબ આપવામાં મંત્રીઓ કેમ ભેદભાવ રાખે છે. ગઈ કાલે એક પ્રશ્નની ચર્ચા થઈ પણ આજે એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. મંત્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ગમે તે પ્રશ્ન હોય અમે જવાબ આપીએ છીએ. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અગ્નીકાંડ, દાહોદમાં નકલી કચેરી, ડ્રગ્સ, દુષ્કર્મ જેવા વિષય પર તાકીદ ચર્ચા થવી જોઈએ. વિધાનસભા અધક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, ટૂંકી મૂદતના પ્રશ્નનો જવાબ મંત્રીએ આપવો પડશે એવો કોઈ અધિકાર નથી. એક પણ પ્રશ્ન કોંગ્રેસનો આવ્યો નથી એવું નથી એની એક મર્યાદા હોય છે.

### કેજરીવાલના ફોટા વિના જાહેરાત કેમ આપી?

# મંત્રી આતિશીએ અધિકારીઓને કારણ બતાવો નોટિસ પાઠવી

## શાસક પક્ષ AAP અને શહેરની બ્યુરોક્રેસી વચ્ચે ટકરાવ

નવી દિલ્હી,તા.૨૨

દિલ્હીના માહિતી અને પ્રચાર મંત્રી આતિશીએ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના ફોટા વિના અખબારમાં જાહેરાત આપવા બદલ જે-તે વિભાગના સચિવ અને ડિરેક્ટરને કારણ બતાવો નોટિસ ફટકારી છે. શાસક છઈઁ અને શહેરની બ્યુરોક્રેસી વચ્ચે આ સંભવિત તાજો ટકરાવ પોઈન્ટ છે. મંગળવારે જારી કરાયેલી નોટિસમાં અધિકારીઓને ત્રણ દિવસમાં ખુલાસો કરવા કહેવામાં આવ્યું છે કે શા માટે જાહેરાતનો ખર્ચ તેમના પગારમાંથી વસૂલવામાં ન આવે કારણ કે તે પ્રભારી મંત્રીની મંજૂરી વિના પ્રકાશિત કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ૧૪ ઓગસ્ટની એક નોટમાં માહિતી અને પ્રચાર નિયામક (DIP)એ મુખ્યમંત્રીના ફોટા પર વાંધો ઉઠાવતા કહ્યું કે, સ્વતંત્રતા દિવસ અન્ય તહેવારોની જેમ નથી, તે વ્યક્તિઓને પ્રદર્શિત કરવા માટેનો કાર્યક્રમ નથી, ખાસ કરીને અભૂતપૂર્વ સંજોગોમાં જ્યારે પ્રશ્નગત વ્યક્તિ અંડરટ્રાયલ કેદી છે, જે કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસાર ન્યાયિક કસ્ટડીમાં છે. એક્સાઈઝ પોલિસી કેસના સંબંધમાં ૨૧ માર્ચના રોજ ધરપકડ બાદ મુખ્યમંત્રી કેજરીવાલ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.દસ્તાવેજો અનુસાર, ૧૪ ઓગસ્ટના રોજ, મંત્રી આતિશીએ વિભાગને ગયા વર્ષની જેમ આખા પાનાની જાહેરાત આપવાનો નિર્દેશ આપ્યો અને કેજરીવાલની તસવીર સાથેની રચનાત્મક યોજનાને મંજૂરી આપી. મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી દિલ્હીની લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારના વડા છે અને તેમની તસવીર લોકશાહી-સ્વતંત્રતાના મૂલ્યોનું પ્રતિક છે.

કારણ બતાવો નોટિસ મુજબ, આતિશીએ ખાસ નિર્દેશ આપ્યો હતો કે તેમના દ્વારા મંજૂર કરાયેલ યોજના સિવાય અન્ય કોઈ રચનાત્મક યોજના DIP દ્વારા જારી કરવામાં આવશે નહીં. કારણ બતાવો નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ સૂચના હોવા છતાં, ડ્ઢૈંએ ૧૫ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રીના ફોટા વિના અડધા પાનાની જાહેરાત બહાર પાડી દીધી, જે પ્રભારી મંત્રીની સૂચનાઓનું સંપૂર્ણ ઉલ્લંઘન છે જે ઈરાદાપૂર્વક આજ્ઞાભંગ અને ઘોર આજ્ઞાભંગ સમાન છે. તેમણે જણાવ્યું હતું કે, આખી પ્રક્રિયામાં ચેડા કરવામાં આવ્યા હતા અને જે પ્રક્રિયાગત રીતે અમાન્ય હતા.

દિલ્હી સરકારના અધિનિયમ, ૧૯૯૧ હેઠળ સંબંધિત નિયમોને ટાંકીને નોટિસમાં કહેવામાં આવ્યું કે, માહિતી અને પ્રસારણ મંત્રી નિર્ણયો લેવા અથવા દિશા-નિર્દેશો પસાર કરવા માટે સક્ષમ અધિકારી છે અને DIP સંબંધિત વ્યવસાયના નિકાલ માટે પ્રાથમિક રીતે જવાબદાર છે. નોટિસમાં DIP સેક્રેટરી અને ડિરેક્ટર દ્વારા GNCTD એક્ટ, બંધારણની કલમ 239AA, ૪ જુલાઈ, ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ચુકાદા તેમજ અખિલ ભારતીય સેવા (આચાર) નિયમો, ૧૯૬૮ના સંબંધિત નિયમોના ઉલ્લંઘનનો દાવો કરવામાં આવ્યો છે અને તેમની સામે પગલાં કેમ ન લેવા જોઈએ તેનું કારણ બતાવવા માટે કહેવામાં આવ્યું છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય અમરત પટેલે ભાજપમાંથી રાજીનામુ આપ્યુ

સાબરકાંઠા,તા.૨૨

સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય અમરત પટેલે ભાજપમાંથી રાજીનામું આપ્યુ હોવાનું સામે આવ્યુ છે. જેઓ ભાજપ અને જિલ્લા પંચાયત સદસ્ય તરીકે કાર્યરત હતા.

સાબરકાંઠા જિલ્લામાંથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય અમરત પટેલે ભાજપમાંથી રાજીનામું આપ્યુ હોવાનું સામે આવ્યુ છે. જેઓ ભાજપ અને જિલ્લા પંચાયત સદસ્ય તરીકે કાર્યરત હતા.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં ચેરમેન પદ માટે મેન્ડેટ આપવાને લઈ અસંતોષ સર્જાતા હિંમતનગર ખાતે આવેલા ભાજપના કાર્યલયમાં જઈને તેમને રાજીનામું આપ્યુ છે. અઢી વર્ષ અગાઉ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સભ્યને ચેરમેનનું મેન્ડેટ આપતા નારાજગી હોવાથી રાજીનામું આપ્યુ છે. જો કે ભાજપના જૂના કાર્યકર અને સદસ્યે રાજીનામુ આપતા ભાજપમાં ખળભળાટ જોવા મળી છે.

### જમ્મુ-કાશ્મીરમાં રાહુલ ગાંધીનું નિવેદન

# I.N.D.I.A. ગઠબંધને પ્રધાનમંત્રી મોદીનો કોન્ફિડેન્સ તોડી નાખ્યો

## જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ-NC વચ્ચે ગઠબંધન, PDP પણ જોડાવાની ચર્ચા : અમારા માટે જમ્મુ-કાશ્મીરનું પ્રતિનિધિત્વ જરૂરી

જમ્મુ, તા.૨૨

જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તાડામાર તૈયારીઓ વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ગુરુવારે શ્રીનગર પહોંચ્યા હતા. અહીં તેમણે કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે લોકોને ખાતરી આપી કે તેમની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવશે અને કોંગ્રેસ પક્ષ તેમની સાથે છે. આ મુલાકાત દ્વારા કોંગ્રેસે સંકેત આપ્યો કે તેઓ આગામી ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરની સ્થિતિને ગંભીરતાથી લેશે અને પાર્ટી કાર્યકર્તાઓની મહેનત અને સન્માનની રક્ષા કરશે. પોતાના સંબોધનમાં રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના પરિણામોનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત ગઠબંધનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આત્મવિશ્વાસ નષ્ટ થઈ ગયો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ’જ્યારે દેશના અલગ-અલગ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત થઈ ત્યારે હું ખડગેજીને મળ્યો હતો. પછી અમે નક્કી કર્યું કે આપણે પહેલા જમ્મુ-કાશ્મીર જઈએ, કારણ કે અમે દેશના લોકોને સંદેશ આપવા માંગીએ છીએ કે જમ્મુ-કાશ્મીરના લોકોનું પ્રતિનિધિત્વ અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે. આઝાદી પછી ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું છે.

શ્રીનગરમાં રાહુલ ગાંધીએ કહ્યું કે તમે જે ડરમાં રહો છો તે હું સંપૂર્ણપણે ખતમ કરવા માંગુ છું. હું જાણું છું કે તમે શું સહન કર્યું છે, ગઠબંધન થશે, પરંતુ તે કોંગ્રેસના કાર્યકર્તાઓ માટે સન્માન સાથે કરવામાં આવશે, કારણ કે તમે તમારું આખું જીવન કોંગ્રેસ પાર્ટીને વધારવામાં અને ભારતની રક્ષા કરવામાં વિતાવ્યું છે.

શ્રીનગરમાં કોંગ્રેસ કાર્યકરોને સંબોધિત કરતાં લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણી દરમિયાન I.N.D.I.A ગઠબંધને વડાપ્રધાન મોદીનો કોન્ફિડન્સ ડગમગાવી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાહુલ ગાંધીએ નહીં, પણ કોંગ્રેસ પક્ષ, I.N.D.I.A ગઠબંધન, પ્રેમ, એકતા અને સન્માનની વિચારધારાએ પરાજિત કર્યા છે.

ચૂંટણી પંચે ૧૬મી ઓગસ્ટે જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે, તો બીજીતરફ કોંગ્રેસે પણ લોકસભા બાદ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી ભાજપને ટેન્શન આપવાની કામગીરી શરૂ કરી દીધી છે. મળતા અહેવાલો મુજબ આગામી મહિને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજાય, તે પહેલા કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે (NC) ગઠબંધન કર્યું છે. એટલું જ નહીં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) પણ ગઠબંધનમાં સામેલ થવાની અટકળો વહેતી થઈ છે.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ આજે (૨૨ ઓગસ્ટ) કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાની જાહેરાત કરી છે. લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે ગયા હતા, તે દરમિયાન બંને પાર્ટીઓ વચ્ચે ગઠબંધન અંગે સમજૂતી થઈ છે. જમ્મુ-કાશ્મીરની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધી, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ફારુક અબ્દુલ્લા વચ્ચે બેઠક યોજાઈ હતી, જેમાં પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, આપણે તમામ ૯૦ બેઠકો પર લડીશું. કોંગ્રેસ, સીપીઆઈએમ અને એનસી એક સાથે છે. તેમણે પીડીપી અંગે કહ્યું કે, કોઈપણ પક્ષ માટે દરવાજા બંધ નથી. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં આગામી મહિને ત્રણ તબક્કામાં મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચની જાહેરાત મુજબ અહીં ૧૮ સપ્ટેમ્બર, ૨૫મી સપ્ટેમ્બર અને પહેલી ઓક્ટોબરે મતદાન યોજાશે, જ્યારે ચોથી ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

કોંગ્રેસે ગિરીશ ચોડનકરને ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે સ્ક્રીનિંગ સમિતિના ચેરમેન બનાવ્યા છે. પૂનમ પાસવાન અને પ્રકાશ જોશીને સમિતિના સભ્ય બનાવ્યા છે. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની સ્ક્રીનિંગ સમિતિની જવાબદારી સુખજિંદર સિંહ રંધાવાને સોંપવામાં આવી છે. આ સમિતિના સદસ્ય એન્ટોન એન્ટોનિયો અને સચિન રાવ હશે. આ સિવાય ચારેય રાજ્યોમાં કોંગ્રેસની સ્ક્રીનિંગ સમિતિમાં પ્રદેશ અધ્યક્ષ, સીએલપી નેતા અને કોંગ્રેસના પ્રદેશ પ્રભારીને પણ સામેલ કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે.

### દર્દીઓ માટે રાહતના સમાચાર

# ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશને હડતાળ પાછી ખેંચી

## સુપ્રીમ કોર્ટના હાકારાત્મક નિર્ણયને પગલે કોલકાતામાં ૧૧ દિવસની હડતાલને સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો

કોલકાતા, તા.૨૨

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (એફઆઈએમએ) એ ગુરુવારે સુપ્રીમ કોર્ટના હાકારાત્મક નિર્ણયને પગલે કોલકાતામાં એક ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં બોલાવવામાં આવેલી તેની ૧૧ દિવસની હડતાલને સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો.

દિવસની શરૂઆતમાં સર્વોચ્ચ અદાલતે વિરોધ કરી રહેલા ડોકટરોને ફરીથી કામ શરૂ કરવા કહ્યું હતું અને તેમને ખાતરી આપી હતી કે તેઓ ફરીથી જોડાયા પછી કોઈ પ્રતિકૂળ પગલાં લેવામાં આવશે નહીં. "#FAIMAએ ભારતના ઈમુખ્ય ન્યાયાધીશના સકારાત્મક નિર્દેશોને પગલે હડતાળને પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. અમે વચગાળાના રક્ષણ માટેની અમારી પ્રાર્થનાની સ્વીકૃતિ અને હોસ્પિટલોમાં સુરક્ષા વધારવા માટેના જરૂરી પગલાંને આવકારીએ છીએ. સંયુક્ત, અમે કાનૂની લડત ચાલુ રાખીશું, " FAIMAએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. સુપ્રિમ કોર્ટની અપીલને પગલે કોલકાતાની ઘટના અંગે ઘણા રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશને (RDAs)એ તેમની હડતાળને પાછી ખેંચી લીધા પછી તરત જ આ પગલું આવ્યું છે. એઈમ્સ દિલ્હીના આરડીએ, આરએમએલ હોસ્પિટલ, લેડી હાર્ડિંજ મેડિકલ કોલેજ અને દિલ્હી સરકાર સંચાલિત ઈન્દિરા ગાંધી હોસ્પિટલે પણ હડતાળને પાછી ખેંચવાનો નિર્ણય જાહેર કર્યો. કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડૉક્ટર પર હુમલો અને હત્યાના કારણે દેશભરમાં વિરોધ થયો હતો. ૧૨ ઓગસ્ટના રોજ, ઈઢછજ એ દેશવ્યાપી વિરોધ શરૂ કર્યો, બહારના દર્દીઓ વિભાગ (OPD) સેવાઓ અટકાવી. ઈમરજન્સી સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહી હતી.

### બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓ દ્વારા

# ભારત વિરુદ્ધ ભડકાવવા માટે ‘ફ્લડ બોમ્બ’ પ્રોપગેન્ડા ચલાવવામાં આવી રહ્યો છે...

## બાંગ્લાદેશમાં તાજેતરના વિનાશક પૂર પછી દેશમાં ભારત વિરોધી પ્રચાર જોર પકડી રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૨

બાંગ્લાદેશમાં તાજેતરના વિનાશક પૂર પછી દેશમાં ભારત વિરોધી પ્રચાર જોર પકડી રહ્યો છે. કેટલાક સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે ભારતે ત્રિપુરાના તમ્બુર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો ડેમ ખોલ્યો હતો જેના કારણે બાંગ્લાદેશમાં અભૂતપૂર્વ પૂર આવ્યું હતું, જેના કારણે કેટલાક જિલ્લાઓમાં મોટાપાયે વિનાશ થયો હતો.આરોપ છે કે ત્રિપુરામાં સ્થિત તંબુર ડેમ અચાનક ખોલી દેવામાં આવ્યો હતો, જેના કારણે બાંગ્લાદેશની ઘણી નીચાણવાળી વસાહતો ડૂબી ગઈ હતી. આ આરોપો અનુસાર, ભારતે કોઈપણ પૂર્વ સૂચના વિના ડેમના દરવાજા ખોલી દીધા, જેના કારણે બાંગ્લાદેશનો મોટો હિસ્સો પૂરથી ભરાઈ ગયો. આ ઘટનાને લઈને બાંગ્લાદેશમાં ઘેરો ગુસ્સો છે અને સોશિયલ મીડિયા પર મોટા પાયે ભારત વિરુદ્ધ પ્રચાર કરવામાં આવી રહ્યો છે.સોશિયલ મીડિયા પર ફેલાતા સંદેશાઓ અને સ્થાનિક સંગઠનો દાવો કરી રહ્યા છે કે ભારતે બાંગ્લાદેશમાં તાજેતરના સત્તા પરિવર્તન સામે રાજકીય બદલો લેવા માટે આ પગલું ભર્યું છે. આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પતન બાદ ભારતે જાણીજોઈને આ પૂર બનાવ્યું છે જેથી નવી સરકાર પર દબાણ આવે.જમાત-એ-ઈસ્લામી અને છાત્ર શિવિર જેવા સંગઠનોએ આ તકનો લાભ લઈને બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકાવી છે. આ સંગઠનોએ જનતામાં સંદેશો ફેલાવ્યો છે કે ભારત બાંગ્લાદેશ પ્રત્યે પ્રતિકૂળ વલણ અપનાવી રહ્યું છે અને આ પૂર તેના ષડયંત્રનો એક ભાગ છે. સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાઈ રહેલા આ સંદેશાઓએ લોકોમાં ઊંડી ચિંતા અને ગુસ્સો પેદા કર્યો છે.આ આરોપો પર ભારત તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જો કે, નિષ્ણાતો કહે છે કે આવા પૂર સામાન્ય રીતે કુદરતી કારણોસર થાય છે અને તેને જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય તરીકે જોવું યોગ્ય નથી. ત્રિપુરાના તંબુર ડેમમાંથી પાણી છોડવું એ ચોમાસાના વરસાદ દરમિયાન પાણીના સ્તરને નિયંત્રિત કરવા માટે એક નિયમિત કવાયત હોઈ શકે છે. બાંગ્લાદેશના પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્ય ચાલી રહ્યું છે.

# અમરેલીનાં અધિક તિજોરી અધિકારી જયેશભાઈ ખાચરનું અવસાન થતાં અશ્રૂભરી શ્રધ્ધાંજલિ પાઠવાઈ



મુળ બાબરા તાલુકાના નિલવડા ગામનાવતનીઅનેઅમરેલી જિલ્લા ટ્રેઝરી ઓફીસમા અધિક જિલ્લા ટ્રેઝરી અધિકારી તરીકે ફરજ નિભાવતાએકઝાઝરમાનવ્યક્તિત્વના ધની, કાર્યદક્ષ, મૂલ્યનિષ્ઠ અને સાચા અર્થમાં કર્મયોગી યુવા અધિકારી જયેશભાઈ ભાભલુભાઈ ખાચરનુ તાજેતરમાં અકસ્માતે નિધન થતાં તેમના બહોળા મિત્ર વર્તુળ, કાઠી ક્ષત્રિય સમાજ, અમરેલીની અનેક સામાજિક સંસ્થાઓ તેમજ કર્મચારી મંડળોદ્વારા તેમની સેવાની નોંધ લઈને તેમને શ્રદ્ધાંજલિ આપવાનો તેમજ તેમની યાદમાં રક્તદાન કેમ્પ નું આયોજન કાઠી ક્ષત્રિય સમાજની વાડીમાં કરવામાં આવ્યું હતું. સ્વ.જયેશભાઈ ખાચરના દિવ્ય આત્માને શોકાંજલિ પાઠવતા જિલ્લા સમાહર્તા અજય દહિયાએ જણાવેલ કે આવા તરવરિયા અને એટીટયુડ અધિકારીઓ મેં મારા જીવનમાં જોયા નથી. સ્વ.જયેશભાઈના ટૂંકા ગાળાના જીવનમાંથી આપણને સહુને મોટી શીખ મળે છે કે તમારા જીવનના કર્મો વફાદારીથી કરો. સ્વર્ગસ્થની ટૂંકા ગાળાની ફરજ દરમિયાન અનેક કર્મચારીઓ, પેન્શનરોના કાર્યો કર્યા છે જેને કારણે આજે આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાંજલિ આપવા આપ સહુ ઉપસ્થિત છો. આ તકે જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ, ડી.ડી.ઓ. પંડયા, અધિક કલેકટર ગોહિલ, ડી. વાય.એસ.પી. અશોકસિંહ ગોહિલ, ચિરાગ દેસાઈ, આઈ.એ.એમ. ના પ્રમુખ ડો. ગજેરા, ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ – બાલભવનના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, રાજુભાઈ શેખવા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ ભૂપતભાઈ વાળા, કાઠીક્ષત્રિય સમાજ વાડીના પ્રમુખ હાથીભાઈ ધાધલ, પૂર્વ માહિતી નિયામક ભરતભાઈ બસિયા, સુરેશભાઈ શેખવા, બાગાયત અધિકારી જયરાજભાઈ વાળા, મજબુતભાઈ બસિયા, લોકસાહિત્ય સેતુના પ્રમુખ લેખક મહેન્દ્રભાઈ જોષી, જિલ્લા આચાર્ય સંઘના મહામંત્રી અને બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, પેન્શનર મંડળના રવજીભાઈ કાચા સહિત વિવિધ સામાજિક સંસ્થાઓ, કર્મચારી મંડળના પદાધિકારીઓ દ્વારા શબ્દો દ્વારા તેમના કાર્યો ને યાદ કરીને ભાવાંજલિ આપવામાં આવી હતી. સ્વ.ની શોકસભામાં સર્વ નારણભાઈ ડોબરીયા મંત્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ, જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ જીતુભાઈ ડેર, તાલુકા પંચાયત પૂર્વપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, જમીન વિકાસ બેંકના પ્રમુખ ધીરૂભાઈ વાળા, નાયબ કલેકટર ધારાબેન ભાલાળા, ખેતીવાડી અધિકારી સર્વ પીપળીયા, નારોલા, કાનાણી, નિતિનભાઈ બોરાણીયા, જીલ્લુભાઈ ધાધલ, રણજીતભાઈ વાળા, હસુભાઈ જોષી, ગોરધનભાઈ સુરાણી, મનિષભાઈ દવે, નિલેશભાઈ પાઠક, પરેશભાઈ મહેતા, ઉદયભાઈ દેસાઈ, જે. એન. પરમાર, રવિરાજ શેખવા, ઈન્દ્રવિજય શેખવા, પ્રો. જે એમ તળાવિયા, પ્રો. એમ.એમ. પટેલ, મયુરભાઈ માંજરીયા, વનરાજભાઈ વાળા સહિત વિશાળ સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહીને સ્વર્ગસ્થને પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આ તકે ઉપસ્થિત સ્વ. જયેશભાઈના પિતા ભાભલુભાઈ ખાચર તથા તેમના પરિવારના સભ્યોને કલેકટર તથા તમામ અધિકારીઓ, પદાધિકારીઓ અને સમાજશ્રેષ્ઠીઓએ સાંત્વના પાઠવી હતી. આ શોકસભા સાથે રકતદાન કેમ્પનું આયોજન કરીને સ્વ. જયેશભાઈને વિશિષ્ટ રીતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. નિલવડા ગામના યુવાનો, ક્ષત્રિય સમાજના યુવાનો, કર્મચારીઓ દ્વારા ૧૦૮ જેટલી બોટલોનું રકતદાન કરીને સમાજને એક અલગ પ્રકારની રાહ ચીંધી હતી. પોલીસ અધિકારી સર્વ અશોકસિંહ ગોહિલ, ચિરાગ દેસાઈ, ભંડારી સહિત અધિકારીઓએ પણ રકતદાન કર્યુ હતું. શોકસભામાં સહુને વૃક્ષારોપણનો સંકલ્પ કરાવીને વૃક્ષના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. શોકસભાનું સંચાલન અને માર્ગદર્શન જયરાજભાઈ વાળા તથા મજબુતભાઈ બસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાની ડમ્પીંગ સાઈટમાં

કચેરી ધ્વારા સદર કામ અંગે એજન્સી દવારા રજુ થયેલ ૫ (પાંચ) રનીંગ બીલની સંપુર્ણ રકમ રૂા. ૮૯,૪૪,૭૨૬/– (અંકે રૂપીયા નેવ્યાશી લાખ ચુમ્માલીશ હજાર સાતસો છવ્વીશ પુરા)ની સંપુર્ણ રકમની રીકવરી કરવા ચીફ ઓફીસરને હુકમ કરવામાં આવેલ.

આ બાબતે આજરોજ એજન્સીને ઉપર મુજબની રકમ દિવસ ૧૦માં જમા કરાવવા નોટીસ પાઠવવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ આ ડમ્પીંગ સાઈટના કમ્પાઉન્ડ વોલના બાંધકામ અંગે તત્કાલીન મ્યુનિસિપલ એન્જીનીયર નીખીલભાઈ બી. ધડુકને ફરજ મૌકુફ પણ કરવામાં આવેલ છે અને પ્રાપ્ત માહિતી અનુસાર આગામી દિવસોમાં અન્ય જવાબદારો સામે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. આ તમામ બાબતોથી નબળુ કામ કરી સરકારને ચુનો લગાડનાર એજન્સીઓમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. તેમ પાલિકા કચેરી દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા ખાતે ખોજા સમાજ દ્વારા

ફેરવી દેતા હોય છે તેવું જ બગસરામાં હમણાં જ બ્લડ ડોનેટ કેમ્પમાં જોવા મળ્યું હતું તેમાં બગસરામાં કુંવરજીભાઈ બાવળીયા જિલ્લા કક્ષાના ૧૫ મી ઓગસ્ટના કાર્યક્રમમાં ધ્વજવંદન કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા ત્યારે તેણે ભાજપના આગેવાનોને અને તેના નજીકના સંબંધ ધરાવતા પત્રકારને જણાવ્યું હતું કે હું આ અહીં બ્લડ ડોનેટ કેમ્પ હોવાથી ત્યાં હાજરી દેવા જવું છું જો આપને આમંત્રિત કર્યા હોય તો આપ આવો તો તે લોકોએ જણાવ્યું હતું કે અમે તેમાં આમંત્રિત નથી એટલા માટે અમે આવશું નહીં જોકે પ્રોટોકોલ મુજબ શહેર ભાજપ પ્રમુખ તથા શહેર ભાજપના આગેવાનોને આમંત્રિત કરવાના હોય તથા પત્રકારોને આમંત્રિત કરવાના હોય તેને પોતાના વ્યક્તિગત વાંધાવાંચકા હોય જેના લીધે અમુક લોકોને તેમાંથી બાકાત કર્યા હોય જો આવી કિન્નાખોરી આવી સેવાકીય પ્રવૃત્તિમાં રાખવી ન જોઈએ અને તેમાં પણ તેમને ધર્મગુરૂ નામદાર આગાખાન દ્વારા આ કેમ્પ કરવા સૂચિત કર્યા હોય તો આવું કરવાથી તેમને દુઃખ પહોંચતું હોય પરંતુ જે આવા માણસોને આવું કરવાનું મોકો અને આનંદ મળતો હોય ખોજા સમાજમાં થોડા સમય પહેલા જિલ્લામાં આગવી વગ ધરાવતા રીઝનલ પૂર્વ પ્રેસિડેન્ટને નાનામાં નાના માણસોનું સારૂં કરવું જોઈએ પરંતુ તે પોતાની મનમાની કરતા હોય અને પોતે આવા લોકોને સાથે ફરી અને તેને મદદ કરતા હોય નાના માણસો ગરીબ માણસોને હેરાન કરવા સિવાય તેમને કાંઈ જ આવડતું ન હોય અને અત્યાર સુધી ખોજા સમાજમાં નાનામાં નાના માણસો કે જે ગરીબ છે તેમનું સારૂં કે ભલું કરવું તો નહીં પરંતુ તેમનું કામ ટલે કેમ ચડે તેમ વિચારતા હોય છે તેઓ આવા અમુક માણસોના ઈશારે કામ કરતા હોય છે અને હોદા માટે તલ પાપડ થતા હોય છે આવા માણસોની ઓળ ખવાનો સમય હવે આવી ગયો છે એટલે તેમનો ઘડો ભરાઈ ગયો હોય તો જ આવું સેવાકીય પ્રવૃત્તિમાં આવું કામ કરતા હોય જો કે આ બાબતે જાગૃત સમાજના આગેવાનો દ્વારા તેમણે જણાવેલ છે કે આવા માણસોને ખુલ્લા પાડી દેવા જરૂરી છે.

## સાવરકુંડલા શ્રી મહાપ્રભુજી બેઠકજી ખાતે સાવનભાદોના હીંડોળા



સાવરકુંડલા, તા. ૨૨

શ્રી મહાપ્રભુજી બેઠકજી સાવરકુંડલા ખાતે સાવનભાદોના હીંડોળા શ્રી ગીરીરાજજીની તળેટીમાં યોજવામાં આવેલ જેના મનોરથી પ્રિયંકા અલ્પેશભાઈ ડોબરીયા, તથા સુહાની અરવિંદભાઈ કાનાણી હતા. મનોરથી પરિવાર દરેક બેઠકજીના સેવાકાર્ય સદા તત્પર હોય છે. સાથોસાથ રાજુભાઈ સોની, કાનાભાઈ ખીમાણી, વીપૂલ વાળા સુધીર મણીયાર તથા બહેનોએ ખુબ તનમનધનથી સેવાઓ કરી સુંદર સજાવટ આજે કરી હતી જે પ્રશંશનીય હતી દરેક વૈષ્ણવો મોટી સંખ્યામાં આવી દર્શન કરેલ તેમજ સૌને પ્રસાદી પણ આપવામાં આવેલ મુખ્યાજી સતત દેખરેખમાં હતા. દરેકના સહકારથી આજના હીંડોળા દર્શન થયેલ હતા જે કમિટી વતી રાજુભાઈ શીંગાળા, વિજયભાઈ વસાણીએ જણાવેલ હતું.

## સાવરકુંડલા : કબીર ટેકરી આશ્રમ ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૨

આજ રોજ તારીખ ૨૨–૮–૨૪ને ગુરૂવારે શ્રી સદ્‌ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું.

આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૧૦૩ દર્દીઓએ લાભ લીધો હતો. તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૧ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પનું દિપ પ્રાગટય કબીર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ સાહેબ ટ્રસ્ટી વિશાલ વ્યાસ સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જિતેનભાઈ હેલૈયા, તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી.

આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરૂવારે છેલ્લા ૧૪ વર્ષથી યોજાય છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૨ | જુવાર સફેદ | ૫૯૫ | ૫૯૫ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૧૩૫ |
| ૨ | શિંગ મોટી | ૮૫૦ | ૧૧૯૯ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૩૦ | ૧૪૧૯ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૫ | ૨૫૧૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૩૭ |
| ૬ | બાજરો | ૪૪૩ | ૪૭૫ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૭૭૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૧ |
| ૧૦ | મકાઈ | ૪૯૦ | ૫૪૦ |
| ૧૧ | મગ | ૧૨૯૬ | ૧૫૩૬ |
| ૧૨ | ચણા | ૧૨૩૦ | ૧૪૮૫ |
| ૧૩ | વટાણા | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | કપાસ | ૯૪૦ | ૧૫૫૭ |
| ૧૫ | એરંડા | ૧૦૧૦ | ૧૧૫૮ |
| ૧૬ | જીરૂ | ૩૦૦૦ | ૪૬૨૫ |
| ૧૭ | રાય | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | અજમા | ૧૨૦૦ | ૨૬૦૦ |
| ૨૦ | મેથી | ૯૪૫ | ૧૧૧૫ |
| ૨૧ | સોયાબીન | ૭૮૬ | ૮૦૪ |
| ૨૨ | રજકાનું બી | ૩૮૦૦ | ૫૩૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૬૪ |
| ૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૮૫ |
| ૩ | ઘઉં | ૪૪૦ | ૫૮૮ |
| ૪ | તલ | ૨૨૭૦ | ૨૩૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧ત્ર૭૦ | ૧૦૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૦૦ |
| ૩ | તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૪ | કપાસ | ૯૬૧ | ૧૪૦૧ |
| ૫ | બાજરો | ૪૮૧ | ૫૧૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૦ |
| ૭ | જુવાર | ૭૧૦ | ૮૪૦ |
| ૮ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૯ | મગ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| ૧૦ | સોયાબીન | ૭૬૧ | ૮૧૪ |
| ૧૧ | સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૮ |
| ૫ | સોયાબીન | ૭૫૦ | ૭૬૩ |
| ૬ | તલ સફેદ | ૨૦૯૦ | ૨૩૩૫ |
| ૭ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | ઈસબગુલ | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૯ | મગ | ૧૫૩૫ | ૧૫૪૮ |
| ૧૦ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૧ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૨ | ઘઉં | ૫૦૧ | ૫૭૧ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૪ | તલ | ૨૩૫૧ | ૨૩૫૧ |
| ૫ | શીંગ દાણા | ૧૨૧૨ | ૧૨૧૨ |
| ૬ | એરંડા | ૯૭૫ | ૧૧૫૦ |
| ૭ | મગ | ૯૫૮ | ૧૪૦૦ |
| ૮ | સોયાબીન | ૭૭૭ | ૭૭૭ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વની શાનદાર ઉજવણી કરાઈ જેમાં L.K.G થી ૧૨ ના વિદ્યાર્થીઓ ઘરેથી રાખડી બનાવીને લાવ્યા અને શાળામાં બધી રાખડીઓનું પ્રદર્શન ગોઠવેલ પ્રદર્શન જોવા સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા, ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતાનએ નિહાળીને ખુબ ખુશ થાય હતાં. અને નંબર આપીને બાળ કોને પ્રોત્સાહિત કાર્યહતાં. ત્યારબાદ દરેક વિદ્યાર્થી ભાઈઓને વિદ્યાર્થી બહેનોએ રાખડી બાંધી હતી અને શિક્ષકભાઈ બહેનોએ પણ રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજય સરકાર પ્રતિબદ્ધ

## ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ માટે પ્રતિ હેકટર રૂ.૨૦ હજાર સહાય

અમરેલી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી રાજયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન વેગવંતુ છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા યોજના અમલી છે. જીલ્લામાં આ યોજના અન્વયે આઈ-ખેડુત પોર્ટલ મારફતે અત્યાર સુધીમાં ૬૮ અરજીઓ મળી છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન સહાય યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક હોય તે ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી મેળ વવાની હતી.

ઉલ્લેખનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧૦૦૦ લાખની જોગવાઈ છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અન્વયે ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ માટે પ્રતિ હેકટર રૂ. ૨૦ હજાર સહય ચૂકવવામાં આવશે. વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તે માટે રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ એ એક મજબૂત વિકલ્પ બનશે.

### સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ

## અનુસૂચિત જાતિના ૧૪ થી ૩૫ વયના યુવાઓને તા. ૨૧ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૨૨

રાજય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા ૧૦ દિવસીય સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ૧૪ થી ૩૫ વર્ષની વય ધરાવતા અમરેલી જીલ્લાના અનુસૂચિત જાતિના યુવાઓએ અરજી કરવી. રાજયભરમાંથી આવેલી અરજીઓમાંથી યોગ્યતા ધરાવતા ઉમેદારોની પસંદગી સમિતિ દ્વારા થશે. યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવાર પસંદ કરી આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે, પસંદગી પામનારને નિવાસ, ભોજન સહિતની સુવિધાઓ સરકાર દ્વારા આપવામાં આવશે.

આ માટે અરજી કરવી અથવા dydoamreli blogspot .com પરથી નિયત નમૂનાનું ફોર્મ મેળવવું. ફોર્મમાં નામ, સરનામું મોબાઈલ નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, એનસીસી- પર્વતારોહણ કે રમતગમત સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તે વિગત, શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું દાકતરી પ્રમાણપત્ર, વાલીની સહમતી, પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો, ઓળખ કાર્ડ અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તે વિગત વગેરે બાબતો દર્શાવતી અરજી તા. ૨૧-૯-૨૪ સુધીમાં, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક-સી, પ્રથમ માળ, રૂમ નંબર ૧૧૦ ૧૧૧ અમરેલી પિ. નં. ૩૬૫૬૦૧ને મોકલી આપવી. કાર્યક્રમની વધુ વિગતો માટે ટેલીફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવો, તેમ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અને દેશી ગાયનું મહત્વ

## પરંપરાગત કૃષિ છોડીએ, અપનાવીએ ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ

**જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવા પ્રાકૃતિક કૃષિ મહત્વનો વિકલ્પ**


અમરેલી, તા. ૨૨

કૃષિ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તનો છે. રાજયમાં ખેડૂતો પરંપરાગત કૃષિ છોડી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયનું અનેરૂં મહત્વ છે. જમીનના ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ખામીને કારણે, જમીનમાં પોષક તત્વોની ઉણપ ન હોવા છતાં સારૂં ઉત્પાદન મેળવવામાં મુશ્કેલી થાય છે. જમીનમાં છોડને યોગ્ય પ્રમાણમાં ભેજ અને પોષક તત્વો ઉપલબ્ધ નથી થઈ શકતા અને વરાપ તથા ભેજનું નિર્માણ નથી થઈ શકતું. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્વો ઉપલબ્ધ થવા છતાં પણ સારૂં ઉત્પાદન લઈ શકાય છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં આ ગુણ આપ મેળે જ જમીનમાં ઉપલબ્ધ થઈ જાય છે.જમીન ચકાસણીમાં એ પણ સામે આવ્યું છે કે, ઘણા પોષક તત્વો જમીનના નીચેના સ્તરોમાં જમા થઈ જાય છે. નીચેના સ્તરની જમીન અન્નપૂર્ણા છે. નીચેની જમીનમાંથી ઉપરની જમીનના સ્તર પર પોષક તત્વ લાવવાનું કાર્ય પાનખરમાં ખરેલા જૈવિક પદાર્થના વિઘટક કેશાકર્ષક શકિત દ્વારા અને આપણાં દેશી અળસિયા કરે છે. અળસિયમા તેમને ખેંચીને ઉપર લઈ આવીને પોતાના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરાવવાનું મહાન કાર્ય પાર પડે છે.જો તમે જમીન પર પડેલી દેશી ગાયનું છાણ ઉઠાવશે તો તમે જોશો કે, છાણની નીચે જમીનમાં બે-ચાર છિદ્રો છે, હઆ છિદ્રો દેશી અળસિયા કરે છે.

તેનો મતલબ છે કે, દેશી ગાયના છાણમાં અળસિયાને ઉપર ખેંચી લાવવાની અદભૂત તાકાત છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ખોરાક બનાવનાર અતિ ઉપયોગી ૩૦૦ થી ૫૦૦ કરોડ જીવાણુ છે.૦૧ એકર જમીન માટે કેટલું છાણ જોઈએ ? એક મહિનાની અંદર ઓછામાં ઓછું એક વખત પ્રતિ એકરમાં ૧૦ કિલોગ્રામ દેશી ગાયનું છાણ ઉપયોગમાં લેવું જરૂરી છે. ૦૧ દેશી ગાય એક દિવસમાં ૧૧ કિલોગ્રામ છાણ, એક દેશી બળદ એક દિવસમાં ૧૩ કિલોગ્રામ છાણ અને ૦૧ ભેંસ એક દિવસમાં ૧૫ કિલોગ્રામ છાણ આપે છે. ૦૧ દેશી ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીન માટે એક મહિના પૂરતું છે. એક દેશી ગાય થકી ૩૦ એકર જેટલી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે.

વધુમાં વધુ ખેડુતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તે માટે રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવેલ છે. જમીનની તંદુરસ્તી અને ફળ દ્રુપતા જાળવવા માટે એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ એ એક મજબૂત વિકલ્પ બનશે.

## શિવના બાર જયોતિલિંગની કથા અને મહત્વ




અમરેલી, તા. ૨૨

૧૨ જયોતિલિંગનો મહત્વ અને મહિમા. ભગવાન શિવની ભકિતનો મહિનો ચાલુ છે. શિવમહાપુરાણ અનુસાર, એકમાત્ર ભગવાન શિવ એકમાત્ર દેવતા છે જે નિરર્થક અને સફળ બંને છે. આ જ કારણ છે કે એકમાત્ર શિવની પૂજા લિંગ અને મૂર્તિ બંને સ્વરૂપોમાં કરવામાં આવે છે. ભારતમાં ૧૨ મોટા જયોતિલિંગ છે. આ બધાનું મહત્વ અને મહિમા છે. એવું પણ માનવામાં આવે છે કે જો સાવન મહિનામાં ભગવાન શિવના જયોતિલિંગો જોવામાં આવે તો જન્મ પછી જન્મની સમસ્યાઓ દૂર થાય છે. આ જ કારણ છે કે શ્રાવણ મહિનામાં ભારતના ૧૨ જયોતિલિંગોની મુલાકત માટે ભકતો ઉમટતા હોય છે. આજે અમે તમને આ ૧૨ જયોતિલિંગનું મહત્વ અને મહિમા જાણીએ. **૧. સોમનાથ :** સોમનાથ જયોતિલિંગને ફકત ભારત જ નહીં પરંતુ આ પૃથ્વીનો પ્રથમ જયોતિલિંગ માનવામાં આવે છે. આ મંદિર ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવું માનવામાં આવે છે કે જયારે દક્ષા પ્રજાપતિ દ્વારા ચંદ્રને શ્રાપ આપવામાં આવ્યો હતો, ત્યારે ચંદ્રએ આ સ્થાન પર ધ્યાન કર્યુ હતું. અને આ શ્રાપથી મુકિત મેળવી હતી. એવું પણ કહેવામાં આવે છે કે આ શિવલિંગની સ્થાપના ખુદ ચંદ્રદેવે જ કરી હતી. વિદેશી આક્રમણને કારણે તે ૧૭ વખત નાશ પામ્યું છે. દરેક વખતે તે તુટે છે અજે તેની રચના કરવાનું ચાલુ રાખે છે. **૨.મલ્લિકાર્જુન :** આ જયોતિલિંગન આંધપ્રદેશમાં કૃષ્ણ નદીના કિનારે શ્રીસૈલ નામના પર્વત પર સ્થિત છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવના કૈલાસ પર્વત જેવું જ કહેવાય છે. ઘણા ધાર્મિક ગ્રંથો તેના ધાર્મિક અને પૌરાણિક કથાને સમજાવે છે.

એવું કહેવામાં આવે છે કે આ જયોતિલિંગને જોઈને જ વ્યકિતને તેના બધા પાપોથી મુકિત મળે છે. એક દંતકથા અનુસાર, જયાં આ જયોતિલિંગ સ્થિત છે, તે પર્વત પર શિવની પૂજા કરવાથી વ્યકિતને અશ્વમેઘ યજ્ઞ જેવા પુણ્યફળ પ્રાપ્ત થાય છે. **૩. મહાકાલેશ્વર જયોતિલિંગ :** આ જયોતિલિંગ મધ્ય પ્રદેશની ધાર્મિક રાજધાની તરીકે ઓળખાતા ઉજજૈન શહેરમાં સ્થિત છે. મહાકાલેશ્વર જયોતિલિંગની વિશેષતા એ છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જયોતિલિંગ છે. અહીં દરરોજ સવારે પૂજા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. વય વધારો અને વય સંબંધિત સંકટથી બચવા ખાસ કરીને મહાકાલેશ્વરની પૂજા કરવામાં આવે છે. ઉજજૈના રહેવાસીઓ માને છે કે ભગવાન મહાકાલેશ્વર તેમના રાજા છે અને તેઓ ઉજજૈનનું રક્ષણ કરી રહ્યા છે. **૪. ઓમકારેશ્વર :** ઓમકારેશ્વર જયોતિલિંગ મધ્યપ્રદેશના પ્રખ્યાત શહેર ઈંદોર નજીક સ્થિત છે. આ જયોતિલિંગ જયાં આવેલું છે, તે સ્થળે નર્મદા નદી વહે છે અને ડુંગરની આજુબાજુ નદી વહીને અહીં ૪ નો આકાર રચાય છે. 'શબ્દ' બ્રહ્માના મુખમાંથી આવ્યો છે. તેથી કોઈપણ ધાર્મિક ગ્રંથ અથવા વેદનું પાઠ ૭ સાથે કરવામાં આવે છે. આ જયોતિલિંગને આકાર એટલે કે, આકાર આપવામાં આવ્યું છે, જેના કારણે તે ઓમકારેશ્વર તરીકે ઓળખાય છે. **૫. કેદારનાથ :** કેદારનાથમાં જયોતિલિંગ ભગવાન શિવાના મોટા ૧૨ જયોતિલિંગો પણ આવે છે. તે ઉતરાખંડમાં આવેલું છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રીનાથના માર્ગમાં આવેલું છે. કેદારનાથ સમુદ્ર સપાટીથી ૩૪૫ મીટરની ઉચાઈ પર સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કંદ પુરાણ અને શિવ પુરાણમાં પણ જોવા મળે છે. આ મંદિર ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. કૈલાસ મહત્વનું હોવાથી શિવએ કેદાર ક્ષેત્રને પણ મહત્વ આપ્યું છે. **૬. ભીમાશંકર :** ભીમાશંકર જયોતિલિંગ મહારાષ્ટ્રના પૂના જીલ્લામાં સહ્યાદ્રી નામના પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જયોતિલિંગ મોટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર વિષે, એવું માનવામાં આવે છે કે જે ભકત જે આ મંદિરને દરરોજ સવારે સૂર્ય ઉગતા પછી આદરપૂર્વક જુએ છે, તેના સાત જન્મોનાં પાપો દૂર થાય છે અને તેમના માટે સ્વર્ગ તરફ જવાના માર્ગ ખુલી જાય છે. **૭. કાશી વિશ્વનાથ :** વિશ્વનાથ જયોતિલિંગ ભારતના ૧૨ જયોતિલિંગમાનું એક છે. તે ઉતર પ્રદેશના કાશી નામના સ્થળે સ્થિત છે. કાશી તમામ ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. તેથી, તમામ ધાર્મિક સ્થળોએ કાશીનું ખૂબ મહત્વ હોવાનું કહેવાય છે. આ સ્થાનની માન્યતા એ છે કે હોલોકોસ્ટ પછી પણ, આ સ્થાન રહેશે. તેની સુરક્ષા માટે, ભગવાન શિવ આ સ્થાન તેમના ત્રિશૂળ પણ રાખશે. અને જયારે હોલોકોસ્ટ ટળી જાય ત્યારે કાશીને તેની જગ્યાએ પાછો મૂકશે. **૮. ત્ર્યંબકેશ્વર :** આ જયોતિલિંગ ગોદાવરી નદીની નજીક મહારાષ્ટ્ર રાજયના નાસિક જીલ્લામાં સ્થિત છે. આ જયોતિલિંગની નજીકમાં બ્રહ્મગીરી નામનો પર્વત છે. ગોદાવરી નદી આ પર્વતથી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્ર્યંકેશ્વર પણ છે. એવું કહેવામાં આવે છે કે ગૌતમ ઋષિ અને ગોદાવરી નદીના આગ્રહથી ભગવાન શિવને અહીં જયોતિલિંગ સ્વરૂપે રોકાવું પડયું હતું.

**૯. વૈધનાથ :** શ્રી વૈધનાથ શિવલિંગને તમામ જયોતિલિંગની ગણતરીમાં નવમાં ક્રમ આપવામાં આવ્યો છે. ભગવાન શ્રી વૈધનાથ જયોતિલિંગનું મંદિર જયાં આવેલું છે. તેને વૈધનાથ ધામ કહે છે. આ સ્થાન ઝારખંડ રાજય (અગાઉના બિહાર)ના ખેવઘશંર જીલ્લામાં આવે છે. **૧૦. નાગેશ્વર જયોતિલિંગ :** આ જયોતિલિંગ ગુજરાતની સીમમાં દ્વારકા સ્થાને સ્થિત છે. શાસ્ત્રોમા, ભગવાન શિવ સર્પોના દેવ છે અને નાગેશ્વરનો સંપૂર્ણ અર્થ સર્પનો દેવ છે. ભગવાન શિવનું બીજું નામ પણ નાગેશ્વર છે. નાગેશ્વર જયોતિલિંગ પણ દ્વારકા પુરીથી ૧૪ માઈલ દૂર છે. આ જયોતિલિંગનીમત્ર્ઋહિમાં કહેવામાં આવ્યું છે કે જે વ્યકિત અહીં પૂર્ણ ભકિત અને શ્રદ્ધાથી મુલાકાત લે છે તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

**૧૧. રામેશ્વરમ જયોતિલિંગની :** આ જયોતિલિંગ તમિલનાડુ રાજયના રામનાથપુરમ નામના સ્થળે સ્થિત છે. ભગવાન શિવના ૧૨ જયોતિલિંગમાનું એક ઉપરાંત, આ સ્થાન હિન્દુઓના ચાર ધામોમાનું એક પણ છે. જયોતિલિંગ વિશે એવી માન્યતા છે કે તેની સ્થાપના ભગવાન શ્રી રામ પોતે જ કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત થવાને કારણે, આ જયોતિલિંગને ભગવાન રામ, રામેશ્વરમ નામ આપવામાં આવ્યું છે. **૧૨. ધુણેશ્વર મંદિર :** ધુર્ણેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર મહારાષ્ટ્રના ઓરંગાબાદ શહેર નજીક દૌલતાબાદ નજીક આવેલું છે. તે ધૃણેશ્વર અથવા ઘુશ્મેશ્વર તરીકે પણ ઓળખાય છે. દૂર-દૂરથી લોકો અહીં દર્શન કરવા અને આધ્યાત્મિક શાંતિ મેળવવા આવે છે. ભગવાન શિવના ૧૨ જયોતિલિંગમાં આ છેલ્લું છે. બૌદ્ધ સાધુઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રખ્યાત એલોરા ગુફાઓ આ મંદિરની નજીક સ્થિત છે. તે શ્રી એકનાથજી ગુરૂ અને જનાર્દન મહારાજની સમાધિ પણ છે.

### સરકારી હોસ્પિટલમાંથી રીફર કરવામાં આવતા

## રાજુલાથી અમરેલી માર્ગ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ પ્રસૃતિ કરવામાં આવી

**અતિ જોખમી સગર્ભા માતાનો જીવ બચી ગયો**

અમરેલી, તા. ૨૨

રાજુલા સરકારી હોસ્પિટલમાં એક અતિ જોખમી સગર્ભા માતાને કે જેને સિકલસેલ પોઝિટિવ હતું અને અતિ જોખમી હોવાને લીધે તેને અમરેલી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવું જરૂરી હતું તેમજ તેમની ત્યાં ડીલેવરી થવી એ પણ જરૂરી હતી. જે અંતર્ગત રાજુલા સરકારી હોસ્પિટલ દ્વારા આ દર્દીને રાજુલાથી અમરેલી સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. રાજુલા ૧૦૮ ની ટીમ દ્વારા એ સગર્ભા માતાને લઈ અને અમરેલી જવા માટે નીકળી ગયા હતા. પરંતુ એ દરમિયાન રસ્તામાં જ ગોખરવાળા ગામ નજીક એમ્બ્યુલન્સની અંદર જ સગર્ભા માતાને પ્રસૂતિની અસહ્ય પીડા શરૂ થતા રસ્તામાં એમ્બ્યુલન્સ ઉભી રાખી અને ઈ.એમ.ટી. સોહીલ જાડેજા દ્વારા એમ્બ્યુલન્સની અંદર જ ડીલેવરી કરાવવાની ફરજ પડી હતી. જેથી ઈએમટી સોહીલ જાડેજા અને પાયલોટ મેહુલ બારોટે યોગ્ય સુજબુઝથી માતાની સફળ ડીલેવરી એમ્બ્યુલન્સની અંદર જ કરાવી હતી. ત્યારબાદ ઈએમટી સોહીલ જાડેજા દ્વારા ૧૦૮ કોલ સેન્ટર પર ઉપસ્થિત ઉપરી ડોકટર સાથે વાતચીત કરી અને આગળની જરૂરી સારવાર અર્થે ડોકટરની સૂચના મુજબ માતાને જરૂરી ઈન્જેકશન તેમજ બોટલ ચડાવવામાં આવી હતી અને નવજાત શિશુને રૂટિન સારવાર આપી હતી. ત્યાર બાદ પાયલોટ મેહુલ બારોટ દ્વારા સમય સૂચકતા વાપરી અને બાળક અને માતાને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

## સા.કુંડલાનાં મોટા ઝીંઝુડાની શાળામાં બાળકોને ધ્યાનની સમજણ અપાઈ



સાવરકુંડલા, તા. ૨૨

હિમાલયીન ધ્યાન યોગના પ્રણેતા સદગુરૂ પૂજય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી પ્રેરિત હિમાલયીન પ્રયાનયોગ સંસ્કાર એ અનુભૂતિ પર આધારિત સરળ ધ્યાન પદ્ધતિ છે બાળકોને જો નાનપણથી જ પ્રયાન કરાવવામાં આવે તો અદભુત પરિણામો જોવા મળે. નિયમિત પ્રયાન દ્વારા એકાગ્રતા ,માનસિક અને બૌદ્ધિક ક્ષમતામાં સકારાત્મક ફેરફાર , નિર્ણય લેવાની ક્ષમતા વગેરે પ્રાપ્ત થઈ શકે છે. આજના વિદ્યાર્થીઓ ભવિષ્યના ઉત્તમ નાગરિક બને એ ઉદ્દેશથી બાળકોનાં કાર્યસાથે જોડાયેલ છે. આના માટે બાલ સંસ્કાર શિબિરો, સમર કેમ્પ, બાળ વિકાસ કેન્દ્રો અને સ્કૂલોમાં ટોકનું આયોજન કરવામાં આવે છે.

સાવરકુંડલા તાલુકાના મોટા ઝિંજુડામા પ્રાથમિક શાળામાં હિમાલયીન પ્રયાનયોગ પરિવાર - સાવરકુંડલા તરફથી યોગેશભાઈ લશ્કરી, પુનમબેન પંડ્યા અને માધુરીબેન મસરાણી દ્વારા તારીખ ૨૧ ઓગસ્ટના રોજ ઓરા એટલે શું? ઓરાનો પ્રયોગ, ધ્યાન અને નિયમિત પ્રયાન કરવાથી થતા ફાયદા વિશે માહિતી આપી ધ્યાન કરાવ્યું હતું. આ તકે મોટા ઝિંઝુડા ગામના સરપંચ પંકજ ઉનાવાએ ત્યાં હાજરી આપી હતી અને આ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

### દેશમાં હવે બીજીવાર વેક્સીન લેવાનો વારો આવ્યો

## દેશની મોટી કંપનીએ મંકીપોક્સની વેક્સીન બનાવવા પર કામ શરૂ કર્યું

**કેરળ રાજ્યમાં એલર્ટ જાહેર કરાયું છે, દેશની સૌથી મોટી કંપનીએ મંકીપોક્સની વેક્સીન બનાવવા પર કામ શરૂ કર્યું**

નવી દિલ્હી, તા.૨૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને હાલમાં જ મંકીપોક્સની વધતી મહામારીને લઈને ચેતવણી જાહેર કરી છે. જોકે, ભારતમાં હાલ આ મહામારીની એન્ટ્રી થઈ નથી. પરંતુ ભારતમાં આ વાયરસથી લડવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. કેરળમાં મંકીપોક્સને લઈને એલર્ટ જાહેર કરી દેવાયું છે. તો કેન્દ્ર સરકારે પણ આ વાયરસ સામે તૈયારી રાખવા સતર્કતાના નિર્દેશ જાહેર કર્યા છે. મંકીપોક્સને લઈને ભારતમાં શું શું તૈયારીઓ થઈ રહી છે, આવો સમજીએ. કેરળના આરોગ્ય વિભાગે બુધવારે રાજ્યમાં એલર્ટ જાહેર કર્યું છે. તમામ એરપોર્ટ પર નજર રાખવા માટે ટીમ તૈનાત કરાઈ છે. જેથી પ્રભાવિત દેશોમાંથી આવી રહેલા મુસાફરોનું સ્ક્રીનિંગ કરી શકાય. જો કોઈ મુસાફરમાં આ લક્ષણો દેખાય છે, તો તેમને તાત્કાલિક અસરથી અલગ મૂકવામાં આવે. વર્ષ ૨૦૨૨ માં જાહેર કરવામાં આવેલ ગાઈડલાઈન અનુસાર તેમની સારવાર કરવામાં આવશે.કેન્દ્ર સરકારના એરપોર્ટ, બંદર અને દરિયાઈ સીમી પર મંકીપોક્સ મહામારીને લઈને સતર્ક રહેવાના આદેશ આપી દેવાયા છે. સરકારે બાંગ્લાદેશ અને પાકિસ્તાનને લગતી બોર્ડર પર પણ એલર્ટ જાહેર કર્યુ છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયના એક્સપર્ટની સાથે બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં વાયરસના અલગ અલગ સ્ટ્રેનને લઈને ચર્ચા કરવામાં આવી હતી. વિભાગે જણાવ્યું કે, અમે તમામ રાજ્યો અને એનડીસીની સાથે બેઠક કરીને આ વાયરસને લઈને સતર્કતા વધારી છે. સરકારે રામ મનોહર લોહિયા હોસ્પિટલ, સફદરજંગ હોસ્પિટલ અને લેડી હોર્ડિંગ મેડિકલ કોલેજને મંકીપોક્સના દર્દીઓના આઈસોલેશન, સારવાર માટે નોડલ સેન્ટર જાહેર કર્યા છે. દુનિયાની સૌથી મોટી વેક્સીન નિર્માતા કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા મંકીપોક્સ માટે વેક્સીન વિકાસવવાના કામે લાગી ગઈ હતી. સંસ્થાના સીઈઓ અદાર પુનાવાલાએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને અમે આ રોગની વેક્સીન વિકસાવવા પર કામ કરી રહ્યાં છે.

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ વાહનો ભંગાર હાલતમાં

# સાવરકુંડલાનાં ફાયર વોટર બ્રાઉઝર શોભાનાં ગાંઠીયા સમાન

**જન્માષ્ટમીનાં તહેવારોમાં લોકમેળો યોજાતો હોય અને કોઈ અકસ્માતની ઘટના બને તો શું કરવું તેવો પ્રશ્ન**

**લાખો રૂપિયાની કિંમતનાં વાહનો ધુળ ખાતા હોય શાસકોની કોઈ જવાબદારી હોય કે નહી**

**પાલિકાનાં ગેરેજ વિભાગનાં કર્મચારીઓની અણઆવડતથી વાહનો બંધ હાલતમાં હોય શકે**

**ધારાસભ્યએ પાલિકાનાં તમામ વાહનોની આકસ્મિક ચકાસણી કરવી જોઈએ તેવી માંગ**



સાવરકુંડલા, તા. ૨૨

આગામી દિવસોમાં જન્માષ્ટમી તેમજ અનેક તહેવારો આવી રહેલ હોય ત્યારે સાવરકુંડલા તાલુકાના ફાયર વોટર બ્રાઉઝર બંધ જેવી હાલતમાં પડેલ હોય. ત્યારે તહેવારોમાં કોઈ દુર્ઘટના બનશે તો તંત્ર દ્વારા આવી પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા શું કરશે ? અને થોડી ઘણી શિથિલતા પણ આગને કાબુમાં લેવા માટે જાનલેવા હોય શકે. ત્યારે આવી પરિસ્થિતિ નિર્માણ થાય તો તેને અંકુશમાં લેવા માટે તંત્ર શું કરશે? એવો અણિયાળો સવાલ લોકચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

સાવરકુંડલા શહેરમાં બે સ્થળોએ લોકમેળાનું આયોજન થવા જઈ રહ્યું છે. ત્યારે હજારોની સંખ્યામાં લોકમેદની મેળાનો આનંદ માણવા ઉમટી પડશે એ પણ સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં કોઈ દુર્ઘટના બને તો આ ફાયર તંત્રની શિથિલતા ખરેખર લોકોને ફાયરથી સુરક્ષિત કરવા શું કરશે? એવો સવાલ પણ આમજનતાના મનમાં ઉપસ્થિત થઈ રહ્યો છે. તાજેતરની રાજકોટ ગેમઝોનમાં બનેલી દુર્ઘટનામાં અનેક ભૂલકાઓએ જાન ગુમાવી આવી દુર્ઘટનાઓ બને ત્યારે તંત્રની સુસજજતા કેવી હોવી જોઈએ? એ બાબત પણ તંત્ર દ્વારા ગંભીરતાથી વિચારવી જોઈએ. આવા લોકમેળામાંઓમાં તેમજ મોટી ભીડ થતી હોય ત્યાં કાગળો પર તો આ ફાયર વિભાગની એન.ઓ.સી.ઓ. મળી રહે છે પણ ગ્રાઉન્ડ પર ખાસ ફાયર સેફટી હોતી નથી તો આ એન.ઓ.સી. કેવી રીતે મળતી હશે ? તેવો સવાલ પણ લોકચર્ચામાં ઉદભવી રહ્યો છે. સાવરકુંડલાના બંને ફાયર જો બંધ જેવી હાલતમાં હોય તો પ્રશાસન દ્વારા આ લોકમેળામાં ફાયર માટે શું તૈયારી હશે ? એ પણ વિચારવા જેવી બાબત છે.

### કડીયાળી ગામનાં ખેડૂતનું અકાળે મોત

## જાફરાબાદનાં વઢેરા ગોળાઈથી નજીક ટ્રેકટર ચાલકે હડફેટે લેતા બાઈક ચાલકનું મોત

**નાસી છુટેલ ટ્રેકટર ચાલકની શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૨૨

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે રહેતા લખમણભાઈ નાગરભાઈ મકવાણા નામનાં ખેડુતના બાપુજી નાગરભાઈ કુંભાભાઈ ગઈ તા. ૧૪/૭/૨૪ ના રોજ પોતાનુ મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એકયુ–૩૭૧૯ નુ લઈને વઢેરા સર્કલથી કડીયાળી ગામ તરફ આવતા હતા. તે દરમ્યાન વઢેરા ગોળાઈથી થોડે દુર સામેથી લખમણભાઈ બાંભણીયા (રહે. જાફરાબાદ) પોતાનું સિલ્વર કલરનું ટ્રેકટર નં. જી.જે.–૧૪ એકે–૯૯૫૧ પુરઝડપે અને બેફીકરાઈથી તથા માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી મોટરસાયકલ સાથે ભટકાડી દઈ અકસ્માત કરી જઈ નાગરભાઈના માથાના ભાગે તથા શરીરે નાની–મોટી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી સ્થળ ઉપરથી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ભાજપના અમુક આગેવાનો અને અમુક પત્રકારોની બાદબાકી થતાં

## બગસરા ખાતે ખોજા સમાજ દ્વારા યોજાયેલ રકતદાન કેમ્પનાં આમંત્રણને લઈને વિવાદ

**એકાદ આગેવાનની જીદથી સારૂ કાર્ય વિવાદનું કેન્દ્ર બન્યું**

(સમીર વિરાણી દ્વારા)

બગસરા, તા. ૨૨

બગસરા ખોજા સમાજમાં બ્લડ ડોનેટ કેમ્પ યોજાયો હતો જેમાં સ્થાનિક આગેવાનોની હું પણાના લીધે તથા અમુક આગેવાનોની પોતાની મનમાનીના લીધે શહેર ભાજપના આગેવાનોને આમંત્રિત ન કરાતા તથા અમુક પત્રકારોને આમંત્રિત ન કરતા તેમાં રોષ જોવા મળ્યો હતો જોકે ખોજા સમાજના ધર્મગુરૂ સારા કાર્ય કરવા માટે અને સારા કાર્યો કરતા હોય તેના માટે તેનું કામ જોઈને પછી ગમે તે જ્ઞાતિના લોકો હોય તેના ઉપર તે ખુશ થાય છે અને તેની રહેમ દ્રષ્ટિ સદા તેની ઉપર રહે છે ત્યારે આવા લોકો ગામેગામ હોય છે તે કેમ્પ માટે કેટલો ખર્ચો કરે છે પરંતુ આવા લોકો તેની ઉપર પાણી

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલા–દેતડ ગામે જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે સાવરકુંડલા તાલુકાના દેત્તડ ગામે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા તુલશીભાઈ જયસુખભાઈ વાઘેલા, કેશાભાઈ ખીમાભાઈ વાઘેલા, હિંમતભાઈ છગનભાઈ વાઘેલા, રૂખડભાઈ મધુભાઈ વાઘેલા તથા ગીરધરભાઈ ભીખાભાઈ વાઘેલા, (રહે. તમામ દેત્તડ, તા. સાવરકુંડલા) વાળા પાંચ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રોકડા રૂા. ૧૦,૬૭૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### શ્રમિક પરિવારની પરેશાની વધી


## લાઠીનાં અડતાલા ગામનાં રહેણાંક મકાનમાંથી ૭૬ હજારનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના અડતાળા ગામે જયસુખભાઈ નાગજીભાઈ પડસાળાની વાડીએ રહેતા રાજેશભાઈ સુખરામભાઈ વાવડાના મકાનમાં ગત તા. ૧૪ ના સાંજના ચારેક વાગ્યેથી તા.૧૭ ના સવારના આશરે દસેક વાગ્યાના સમય દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમે તાળા ખોલી મકાનમાં રહેલ લાકડાના પટારામાં રાખેલ યુવકની પત્નીના સોના–ચાંદીના તમામ ઘરેણા કિંમત રૂપિયા ૭૬,૯૪૫ ના માલમત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## સોમનાથ મહાદેવને પીળા પુષ્પનો શૃંગાર



શ્રાવણ કૃષ્ણ ત્રીજ પર સોમનાથ મહાદેવની પીળા પુષ્પનો શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવના જયોતિર્લિંગ પર કુલ ૧૪૫ કિલોગ્રામ પીળા પુષ્પોથી સુશોભિત કરાયા હતા. પીળો રંગ સુખ, સમૃદ્ધિ અને સંપત્તિનું પ્રતિક માનવામાં આવે છે. આથી, પીળા પુષ્પો વડે શૃંગાર કરવાથી મહાદેવ પ્રસન્ન થાય છે અને ભકતોને સુખ–સમૃદ્ધિ પ્રદાન કરે છે. પીળા રંગને જ્ઞાનનું પ્રતિક પણ માનવામાં આવે છે. આથી, સોમનાથ મહાદેવને પીળા પુષ્પોના શૃંગારના માધ્યમથી ભકતો માટે જ્ઞાન અને વિવેક પ્રાપ્તીની પ્રાર્થના કરવામાં આવી હતી.

## શ્રી બગસરા નાગરીક સહકારી બેંક લી.બગસરા

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી બગસરા નાગરીક સહકારી બેંક લી., બગસરાના તમામ સભાસદ ભાઈઓ-બહેનોને આથી જાણ કરવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા.૦૧/૦૯/૨૦૨૪ રવિવારનાં રોજ નીચેના સ્થળે અને સમયે નીચેના કામો માટે મળશે. તો દરેક સભાસદશ્રીઓએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**તા.૦૧/૦૯/૨૦૨૪ રવિવાર, સમય : સવારે ૦૯:૩૦ કલાકે**
**સ્થળ : શ્રી લેઉવા પટેલ સમાજ, ગોકુલપરા, બગસરા**
**ફેરફારને આધિન**

:: કાર્યસુચિ ::

- ગત તા.૧૭/૦૯/૨૦૨૩ની વાર્ષિક સાધારણ સભાનું રોજકામ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
- તા.૩૧/૦૩/૨૦૨૪ના રોજ પુરા થયેલ વર્ષનું ઓડીટ થયેલ સરવૈયુ તથા નફા નુકશાનનાં હિસાબો મંજુર કરવા બાબત.
- સને.૨૦૨૩/૨૪ ના વર્ષ દરમિયાન બોર્ડ ઓફ ડિરેકટર્સ કરેલ ધિરાણ - વસુલાત તથા વહિવટી કામગીરીને બહાલ રાખવા બાબત.
- બોર્ડ ઓફ ડિરેકટર્સે સુચવેલ ડીવીડન્ડ અને નફાની ફાળવણીને બહાલી આપવા બાબત.
- સને.૨૦૨૪/૨૫નાં વર્ષ માટેનાં અંદાજિત બજેટને બહાલી આપવા બાબત.
- સને.૨૦૨૩/૨૪ ઓડીટ રીપોર્ટ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
- બોર્ડ ઓફ ડિરેકટર્સનાં વસુલાત અંગેના નિર્ણયને બહાલ રાખવા બાબત.
- સને.૨૦૨૪/૨૫ ના વર્ષ માટે કરજની હદ નકકી કરવા બાબત.
- અધ્યક્ષ સ્થાનેથી અગર અધ્યક્ષની પુર્વ મંજુરીથી જે રજુ થાય તે.

બગસરા

જગદિશભાઈ એ.માંગરોળીયા
ઈન્ચાર્જ મેનેજર
શ્રી બગસરા નાગરીક સહકારી બેંક લી.

નોંધ :-
- બેંકને લગતી માહિતી કે અન્ય કોઈ બાબતે સાધારણ સભાની તારીખના પાંચ દિવસ અગાઉ મેનેજરશ્રી સમક્ષ લેખીત રજુઆત કરવાની રહેશે.
- સાધારણ સભામાં સભાસદો અને આમંત્રીતો સિવાય કોઈને હાજર રહેવા દેવામાં આવશે નહી અને રીપોર્ટ અથવા બેંકનું ઓળખકાર્ડ સાથે લાવવું ફરજીયાત છે.
- કાર્યસુચિ મુજબની બાબતો વા.સા.સભામાં રજુ થશે. અધ્યક્ષની મંજુરી વગર બીજી કોઈ બાબતો અંગે ચર્ચા થઈ શકશે નહી.

પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000* સુધી ફાયદો મેળવો
SAMSUNG LG BOSCH BPL IFB MITSUBISHI ELECTRIC NATRAJ Kelvinator Micro
₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ*
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
RAM ENTERPRISE

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહલાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)